અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ ડિસેમ્બર ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ તેરસ
વર્ષ : ૧૫
અંક : ૧૪૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ઠંડીના કારણે લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે : હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨-૩ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં સવારના સમયે ગાઢ ધુમ્મસની સંભાવના છે**

# દિલ્હીમાં વરસાદ, યુપી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

। નવી દિલ્હી, તા.૨૩ ।

રાજધાની દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કતિલ ઠંડી શરૂ થઈ ગઈ છે. ઘણા રાજ્યોમાં સવારથી ગાઢ ધુમ્મસ દેખાવાનું શરૂ થઈ ગયું છે, જેના કારણે લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨-૩ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં સવારના સમયે ગાઢ ધુમ્મસની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૩ થી ૨૬ ડિસેમ્બર સુધી પંજાબના વિવિધ ભાગોમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસની અપેક્ષા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી-NCRમાં આજે એટલે કે શનિવારે (૨૩ ડિસેમ્બર) મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી રહેવાની શક્યતા છે. પાટનગરના કેટલાક વિસ્તારોમાં આજે હળવા ઝરમર વરસાદ બાદ ઠંડીમાં વધારો થવાની સંભાવના છે. શુક્રવારની વાત કરીએ તો અહીં મહત્તમ તાપમાન ૨૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી હતું. દિલ્હીમાં ઠંડી વધવાની સાથે પ્રદુષણમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. અહીં છઉં ૫૦૦ ને વટાવી ગયો છે. શૂન્ય અને ૫૦ ની વચ્ચે AQI 'સારું' માનવામાં



આવે છે, ૫૧ અને ૧૦૦ની વચ્ચે AQI 'સંતોષકારક' છે, ૧૦૧ અને ૨૦૦ વચ્ચે 'મધ્યમ' છે, ૨૦૧ અને ૩૦૦ વચ્ચે 'ખરાબ' છે, ૩૦૧ અને ૪૦૦ ની વચ્ચે છે. 'ખૂબ ખરાબ' ગણવામાં આવે છે અને ૪૦૧ અને ૫૦૦ ની વચ્ચેને 'ગંભીર' શ્રેણી ગણવામાં આવે છે. ગુજરાતમાં હવામાનને લઈને આગાહી કરવામાં આવી છે. ગઈકાલે સુરતમાં કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદ બાદ આગામી ૨૪ કલાકમાં રાજ્યના અન્ય કેટલાક ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગો, જેવા કે કચ્છ અને જામનગર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં નવસારી અને વલસાડ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પણ હળવો વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વીજળીના ચમકારા સાથે હળવો વરસાદ વરસી શકે છે. સ્કાયમેટ વેધર અનુસાર, આગામી ૨૪ કલાકમાં મુઝફ્ફરાબાદ, લદાખ, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદની સંભાવના છે. આ સિવાય ૨૩ અને ૨૪ ડિસેમ્બરે ઉત્તરાખંડના ઘણા ભાગોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. હવામાન એજન્સીનું પણ કહેવું છે કે આજે હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસ રહેશે.

**કેન્દ્ર સરકારે સંસદમાં માહિતી આપી**

# પેન્લ્ટી સાથે પાન-આધાર લિન્કના ૨,૧૨૫ કરોડ રૂપિયાની વસૂલાત

। નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્ર સરકારે પાન અને આધાર (પાન-આધાર) ને પરસ્પર લિંક કરવા માટે છેલ્લી ડેડલાઈન ૩૦ જૂન ૨૦૨૩ નક્કી કરી હતી. જેના પછી ૧૦૦૦ રૂપિયા દંડ ચૂકવીને લોકોને પાન-આધાર લિંક કરાવવા કહેવાયું હતું. ડેડલાઈન વીતી જવાં લોકોની આળસ કહો કે ભૂલ કહો જે તેમને તો ભારે જ પડી પણ સાથે સરકાર માટે ફાયદાકારક નીવડી. આ દંડની રકમ લોકો ચૂકવીને પણ હવે પાન-આધારને લિંક (પાન આધાર લિંક) ને લિંક કરાવી રહ્યા છે. આ ખૂબ જ




જરૂરી પણ છે નહીંતર મોટાભાગના લોકોના સરકારી કામકાજ રઝળી પડ્યા છે. લોકો બેંકોમાં મોટી રકમના વ્યવહારો પણ કરી શકી રહ્યા નથી. સરકારી યોજનાઓ પણ લાભ નથી મળી રહ્યો. આ તમામ કામ માટે આધાર-પાન લિંક હોવા જરૂરી છે. સંસદમાં એક સવાલના જવાબમાં સરકારે કહ્યું કે સરકારે ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ પેનલ્ટી સાથે પાન-આધાર લિંક કરીને આશરે ૨,૧૨૫ કરોડ રૂપિયાની વસૂલી કરી. આ દરમિયાન ૨.૧૨ કરોડ લોકોએ પાનકાર્ડ સાથે આધારકાર્ડને લિંક (પાન-આધાર લિંક પ્રોસેસ) કરાવ્યાં હતાં. સંસદના શિયાળુ સત્રમાં રાજ્યસભામાં એવો સવાલ કરાયો હતો કે શું જે લોકોએ પાન-આધાર લિંક નહોતા કરાવ્યાં શું તેમના પાન કાર્ડ ડિએક્ટિવેટ થઈ રહ્યા છે.

# દેશમાં ક્રિપ્ટો રોકાણકારોની સંખ્યા ૧.૯ કરોડને પાર

। નવી દિલ્હી, તા.૨૩ ।

ક્રિપ્ટો કરન્સી પ્લેટફોર્મ કોઈનસ્વિચની રિપોર્ટના આંકડા પ્રમાણે દેશમાં ક્રિપ્ટો રોકાણકારોની કુલ સંખ્યા ૧.૯ કરોડને પાર છે અને તેમાં લગભગ ૯% મહિલા રોકાણકારો છે.

રિપોર્ટ પ્રમાણે દેશમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરનારાઓમાં ૭૫% યુવા છે અને તેમની ઉંમર ૧૮થી ૩૫ વર્ષ વચ્ચે છે. આ આંકડો દર્શાવે છે કે, યુવાઓને ક્રિપ્ટો કરન્સીમાં ખૂબ જ રસ છે.

આ વચ્ચે માત્ર દિલ્હી, બેંગલુરુ અને મુંબઈ જેવા મહાનગરો ક્રિપ્ટો રોકાણના કુલ મૂલ્યનો પાંચમો હિસ્સો છે. મૂલ્યના હિસાબથી ક્રિપ્ટોમાં રોકાણના મામલે દિલ્હી દેશભરમાં ટોચ પર છે. રિપોર્ટ પ્રમાણે ૨૦૨૩માં ડોગકોઈન સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકોઈન હતો. કુલ ક્રિપ્ટો રોકાણમાં તેની ૧૧% ભાગીદારી હતી. ત્યારબાદ બિટકોઈન(૮.૫%) અને એથેરિયમ (૬.૪%)નું સ્થાન રહ્યું.

**ઈઝરાયેલ-હમાસ યુદ્ધે ભીષણ રૂપ ધારણ કર્યું**

# ઈઝરાયેલે ગાઝા પર ૯૦૦ કિલોના હજારો બોમ્બ ઝિંક્યા

। તેલ અવીવ, તા.૨૩ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધે ભીષણ રૂપ ધારણ કરી દીધુ છે. ઈઝરાયેલી સેના દ્વારા કરવામાં આવી રહેલી હવાઈ અને જમીની કાર્યવાહીએ તાજેતરના દાયકાઓમાં થયેલા યુદ્ધોની તબાહીને પાછળ છોડી દીધી છે.

ઈઝરાયેલે ગાઝા પર જે બોમ્બમારો કર્યો છે તે આ યુદ્ધને વિયેતનામ યુદ્ધ નજીક લઈ જઈ રહ્યું છે. ઈઝરાયેલે ગાઝા પર ૯૦૦ કિલો સેંકડો બોમ્બ ઝિંક્યા છે જેનો ઉપયોગ વિયેતનામ બાદ ક્યાંય જોવા નથી મળ્યો. વિશ્વ ૫૦ વર્ષ બાદ કોઈ સ્થળ પર આ પ્રકારના ભીષણ બોમ્બમારાને જોઈ



રહી છે. બીજી તરફ મોતના મામલે પણ આ યુદ્ધ ભયાવહ સાબિત થયુ છે. હાલના વર્ષોમાં કોઈ પણ યુદ્ધમાં આટલી મોટી સંખ્યામાં મોત નથી થયા. ગાઝામાં યુદ્ધના પહેલા મહિનામાં ઈઝરાયેલે સેંકડો મોટા બોમ્બ ઝિંક્યા હતા. તેમાંથી ઘણા ૧,૦૦૦ ફૂટથી વધુના અંતરે લોકોને મારવામાં સક્ષમ હતા.



### UPની જેલમાં ઘડાયો હતો પ્લાન

# ફિલ્મી સ્ટાઈલમાં થયેલ ૪૫ લાખની જોટાણા લૂંટનો ભેદ ઉકેલાયો

। જોટાણા, તા.૨૩ ।

લૂંટ માટે આરોપીઓએ પાલનપુર માં ભાડે મકાન રાખી રહેતા હતા. પકડાયેલ જમશેદઅલી ૧૨ વર્ષથી ચામડા ના વેપાર સાથે સંકળાયેલો હતો. નંદાસણ અને જોટાણામાં ચામડા ના વેપાર માટે પણ આવતો હતો. ફરિયાદીના પરિવાર પણ ચામડા ના વેપાર સાથે સંકળાયેલ હોઈ ફરિયાદી પરિવારની તમામ દિનચર્યા અને પરિવારના સભ્યો ને જાણતો હતો આરોપી જમશેદઅલી. જેના થકી તેણે લૂંટનો ઘડ્યો હતો પ્લાન.

સાડા ચાર વર્ષ અગાઉ લૂંટ નો પ્લાન બનાવી યુપથી સાગરીતોને બોલાવ્યા હતા. પરંતુ સંપૂર્ણ સજ્જતા નહીં હોવાને લઈ લૂંટને અંજામ આપ્યો નહોતો. ત્યાર બાદ શાનું ઉર્ફે મુલ્લો સાથે યુપી જેલમાં જતા ત્રણ વર્ષ જેલમાં ફરીથી શાનું અને જમશેદઅલી એ લૂંટ નો અધૂરો પ્લાન પુરો કરવાનું નક્કી કર્યું. જેલમાં સોહેલ અલી, કપડાની ફેરી કરતો વાજીદ સહિત ના માણસોએ યુપી ની જેલમાં જોટાણાની લૂંટ નો પ્લાન બનાવી દીધો. આ માટે ત્રણ માસ અગાઉ કરેલ લૂંટ પહેલા ના દોઢ મહિના પહેલા પાલનપુર આવી ગયા હતા. આમ બીજો પ્રયત્ન કરવા માટે પાલનપુરથી સ્વિફ્ટ કાર લઈને જોટાણા લૂંટ માટે પહોંચ્યા હતા. જ્યાં સ્વિફ્ટ કાર ના ડ્રાઈવરે ના પાડતા લૂંટને અંજામ આપ્યા વગર પાછા ગયેલા. આમ બીજો પ્રસાય પણ અસફળ રહેતા પાલનપુર રોકાઈ અને બંદૂક સહિતના હથિયારોની વ્યવસ્થા કરી કિયા સેલ્ટોસ કાર લઈને જોટાણા પહોંચી આખરે ત્રીજા પ્રયત્ને ૪૪.૯૨ લાખ રુપિયાની લૂંટ આચરવામાં આવી હતી. લૂંટ ઉકેલવા મહેસાણા પોલીસે એલસીબી સહિત ૪ ટીમો રચી હતી. લૂંટમાં ઉપયોગમાં લેવાયેલ એક કારનો ઉપયોગ થયો હતો, આ કાર શોધવા ઉત્તર ગુજરાતમાં અલગ અળગ ૪૦૦ જેટલા સીસીટીવી ફંફોસ્યા હતા, અન્ય જિલ્લામાં આવી પ્રકારની લૂંટ બની હોય તેના આરોપીઓની તપાસ કરાઈ હતી. ગુનામાં આંતરરાજ્ય ગેંગ સંકળાયેલ જણાતા ઉત્તર પ્રદેશ, યુપી, રાજસ્થાન અને દિલ્હીના બાતમીદારો ની મદદ લેવાઈ હતી. લૂંટમાં વપરાયેલ ગાડીની લોનના હપ્તા ચડેલા અને ઓવર ડ્યું થઈ હોવાની તપાસમાં માલુમ પડ્યું. જેની બેંક પાસેથી માહિતી મેળવવામાં આવી હતી અને તપાસ આગળ વધવા લાગી હતી. જિલ્લામાં બીજા રાજ્યના લોકો રોકાયેલા હોય તેવી વિગતો તમામ ગેસ્ટ હાઉસોમાંથી મંગાવાઈ હતી. આ દરમિયાન પોલીસના નેત્રમ સીસીટીવીમાં કિયા ગાડી પાલનપુર હોવાનુ માલૂમ પડેલું. જ્યાંથી આ ૩ આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી હતી.આમ, પોલીસે ધોળે દિવસે થયેલી લૂંટ નો ભેદ ઉકેલવા રાત દિવસ એક કરી લૂંટ નો ભેદ ઉકેલ્યો.

# ગીર સોમનાથમાં નાળિયેરીમાં સફેદ માખીનો ઉપદ્રવ આવ્યો

। ગીર સોમનાથ, તા.૨૩ ।

નાળિયેરના ગઢ ગણાતા ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતો હવે નાળિયેરીની સુરક્ષા માટે લાચાર બન્યા છે. નાળિયેરીમાં સફેદ માખીનો ઉપદ્રવ વધી જતા ૬૦ થી ૭૦ ટકા ઉત્પાદન ઘટી ગયુ છે. જેના કારણે કાંઠા વિસ્તારના ખેડૂતો માટે કલ્પવૃક્ષ સમાન નાળિયેરીનું ઉત્પાદન ઘટી જતા ખેડૂતો હવે બગીચા પર જેસીબી મશીન ફેરવી અન્ય પાક લેવા મજબુર બન્યા છે.



ગીરસોમનાથ જિલ્લાના ખેડૂતોને હવે સફેદ માખીએ રડાવ્યા છે. લીલા નાળિયેરનું ગઢ ગણાતા ગીર સોમનાથમાં નાળિયેરીમાં સફેદ માખીનો ઉપદ્રવ આવી જતા ખેડૂતો બાળકની જેમ ઉછેરેલી નાળિયેરી કાપી નાખવા માટે મજબુર બન્યા છે. આ સફેદ માખીને કારણે નાળિયેરના ઉત્પાદનને ૬૦ થી ૭૦ ટકાનો ફટકો પડ્યો છે. છેલ્લા ચાર વર્ષથી ગીર કાંઠાના વિસ્તારોમાં સફેદ માખીનો ઉપદ્રવ વધ્યો છે. આ સફેદ માખી એ નાળિયેરી માટે કેન્સર સમાન ગણાય છે. આ માખી નાળિયેરીના પાન પર બેસી ચીકણો કાળો પદાર્થ છોડે છે. આથી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા અટકી જતા પાન ખરવા લાગે છે અને નાળિયેરનુ ઉત્પાદન ઘટે છે. ગીરમાં ૫૦૦ થી ૭૦૦ હેક્ટર જમીનમાં નાળિયેરનો પાક લેવાય છે. જો કે સફેદ માખીના ઉપદ્રવને કારણે ઉત્પાદન ઘટ્યુ છે. છેલ્લા બે-ચાર વર્ષથી ગીરના દરિયાઇ વિસ્તારમાં સતત વાવાઝોડા પણ આવી રહ્યા હતા જેને કારણે પણ નાળિયેરીના પાકને ખૂબ મોટું નુકસાન થઈ રહ્યું છે. ૩ વર્ષ પહેલા ત્રાટકેલા તાઉતે વાવાઝોડા એ નાળિયેરના બગીચાઓનો સોથ વાળી દીધો હતો. લાખોની સંખ્યામાં ઉના, ગીરગઢડા અને કોડીનાર સહિતના વિસ્તારોમાં નાળિયેરના ઝાડ જમીનદોસ્ત થઈ ગયા. ગીર વિસ્તારોમાં મોટા પ્રમાણમાં નાળિયેરીનાં બગીચાઓ છે. સફેદ માખીના રોગે આખે આખા બગીચાઓને જાણે કે વેરાન બનાવી દીધા હોય તેવું લાગી રહ્યું છે. માખીનાં ઉપદ્રવનાં કારણે બગીચાઓ સુકાઈ રહ્યા છે.

# મહેસાણાથી નકલી બીડી-તમાકુ અને ગુટખાના વેપારનો પર્દાફાશ થયો

### SOGએ સ્થળ પરથી ૨૭ હજાર કરતા વધુના નકલી મુદ્દામાલ સાથે શેખ સલમાન પુનમખા નામના શખ્સની ધરપકડ કરી છે

। મહેસાણા, તા.૨૩ ।

મહેસાણાના વડનગરમાં આવેલા ચાંદપુર ગામથી વિવિધ બ્રાન્ડની નકલી બીડી-તમાકુ અને નકલી ગુટખા જપ્ત કરવામાં આવી છે. મહેસાણા જીઁએ સ્થળ પરથી નકલી મુદ્દામાલ સાથે શેખ સલમાન પુનમખા નામના શખ્સની ધરપકડ કરી છે. તો, આ રીતે ચાલતા નકલી વેપાર બાબતે પોલીસે વધુ તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યભરમાં નકલીના કિસ્સા સામે આવી રહ્યા છે. ત્યારે મહેસાણાથી નકલી બીડી-તમાકુ અને ગુટખાના વેપારનો પર્દાફાશ થયો છે. મહેસાણાના વડનગરમાં આવેલા ચાંદપુર ગામથી વિવિધ બ્રાન્ડની નકલી બીડી-તમાકુ અને નકલી ગુટખા જપ્ત કરવામાં આવી છે. અલગ-અલગ બ્રાન્ડની બીડીના ૫૭ બોક્સ, તમાકુના ૨૦ બોક્સ સાથે ગુટખાનો મુદ્દામાલ ઝડપાયો છે. મહેસાણા જીઁએ સ્થળ પરથી ૨૭ હજાર કરતા વધુના નકલી મુદ્દામાલ સાથે શેખ સલમાન પુનમખા નામના શખ્સની ધરપકડ કરી છે. તો, આ રીતે ચાલતા નકલી વેપાર બાબતે પોલીસે વધુ તપાસ કાર્યવાહી હાથ ધરી છે.



# ઇસનપુરમાં ૧૩ વર્ષ પહેલા નોંધાયેલો બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ શહેરમાંથી ૧૩ વર્ષ પહેલા ચોરી કરેલી બાઈક શહેરમાં જ ફેરવતો રહ્યો પરંતુ કોઈ પકડી શક્યું નહીં. આખરે હાઈવે પર લઈને નીકળતા પોલીસે તેને પકડી પાડ્યો. પોલીસને રસ્તા પર જોઈને આરોપી ચતુરાઈ પૂર્વક જ પસાર થઈ જતો કાંતો ગલીઓમાંથી નિકળીને નિકળી જતો હતો. પરંતુ આખરે હવે તે પોલીસ સ્ટેશનની જેલનો મહેમાન બનીને જ રહ્યો છે. સામાન્ય રીતે અમદાવાદમાં પોલીસ ચોરી, લૂંટ, ધાડ જેવી ઘટનાઓ બાબતે સક્રિય રહેતી હોય છે અને ચોરોને પકડી પાડતી હોય છે, પરંતુ અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારમાં ૧૩ વર્ષ પહેલા એક બાઈક ચોરી થઈ હતી જેની ફરિયાદ નોંધાઈ હતી. જોકે પોલીસ આ બાઈક ચોરને પકડી શકી ન હતી. આ બાઈક ચોર બાઈક ચોરી કરીને ૧૩ વર્ષ સુધી અમદાવાદ શહેરમાં ફરતો રહ્યો પરંતુ કોઈ તેને પકડી શક્યું નહીં. મહત્વની વાત તો એ છે કે ટ્રાફિક પોલીસ પણ વાહન ચેકિંગના દાવાઓ કરે છે, શંકાસ્પદ લાગતા વાહનોને રોકી તેની પાસેથી ડોક્યુમેન્ટ માંગે છે અને અમુક સમયે દંડ પણ ફટકારે છે, પરંતુ સવાલ એ થાય છે કે જો ટ્રાફિક પોલીસ અને અન્ય વિભાગની પોલીસ આ પ્રમાણેની યોગ્ય કામગીરી કરી રહી છે. તો શા માટે એક બે વર્ષ નહીં પરંતુ ૧૩ વર્ષથી ખુલ્લેઆમ ફરી રહેલા આ ચોરાઉ બાઈકને શોધી શકી નહીં અથવા તો આ બાઈક ચોરીનું છે તે પકડી શકી નહીં.પરંતુ એક કિસ્સો એવો સામે આવ્યો કે આ બાઈક ચોર કે જે અમદાવાદ શહેરના ન્યુ સીજી રોડ ચાંદખેડા વિસ્તારમાં રહે છે અને તેનું નામ શૈલેષ દેસાઈ છે. તે દરરોજની માફક ચોરીની બાઈક લઈને નિકળી પડ્યો હતો. પરંતુ આ વખતે તેની ચતુરાઈ કામ આવી નહોતી. પોલીસે તેને રોક્યો અને તેની પ્રાથમિક પૂછપરછ કરતા જ તે ચોરીના બાઈક સાથે લટાર મારી રહ્યો હોવાનું ખૂલ્યું હતુ. અમદાવાદ જિલ્લાની એલસીબી પોલીસ દ્વારા તેને રોકી તેની પૂછપરછ કરવામાં આવી હતી.

### કોરોનાને લઈ તૈયારીઓ વચ્ચે સમસ્યા!

# કડી સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ ૧૦ દિવસથી બંધ હાલતમાં

। કડી, તા.૨૩ ।

કોરોનાને લઈ હાલમાં દેશભરના જિલ્લાઓમાં આરોગ્ય વિભાગને લઈ સર્તક રહેવા માટે જણાવ્યુ છે. ત્યાં કડીમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજ પ્લાન્ટમાં ખામી સર્જાયેલી છે જેને લઈ પ્લાન્ટ બંધ છે. પ્લાન્ટમાં ખામી હોવાને લઈ વાલ્વ બંધ સ્થિતિમાં છે અને આવી જ પરિસ્થિતિ સર્જાયેલી છે. જોકે સિવિલ તંત્ર આ સમસ્યાને સામાન્ય જણાવી રહ્યુ છે.

મહેસાણાની કડી સિવિલ હોસ્પિટલનો ઓક્સિજન પ્લાન્ટ ખોટકાયો છે. ઓક્સિજન પ્લાન્ટનો વાલ્વ છેલ્લા ૧૦ દિવસથી બંધ હાલતમાં છે. ખામી સર્જાવાને લઈ પ્લાન્ટનો વાલ્વ છેલ્લા દશેક દિવસથી બંધ હાલતમાં છે. એક તરફ કોરોનાના નવા વેરિયન્ટને લઈ રાજ્યનુ આરોગ્ય વિભાગ



સતર્ક બન્યુ છે, ત્યાં કડીમાં ઓક્સિજન પ્લાન્ટ જ ચાલુ નથી.

વાલ્વમાં ખામી સર્જાઈ હોવાને લઈ આ પ્લાન્ટ બંધ હોવાનું સિવિલના સુપ્રિટેન્ડેટે બતાવ્યુ છે. તેઓએ કહ્યુ હતુ કે, પ્લાન્ટ ખરાબ થયો નથી પરંતુ વાલ્વ ખરાબ થવાને લઈ આ સમસ્યા સર્જાઈ છે. જોકે આ માટી સમસ્યા નહીં હોવાનો દાવોસ કર્યો હતો.આ માટે સલંગ્ન એજન્સીને જાણ કરવામાં આવી છે અને શક્ય એટલી ઝડપથી આ સમસ્યાને દૂર કરવામાં આવશે એમ બતાવ્યુ છે.

### યુવકોએ જાહેરમાં ખુલ્લેઆમ દારૂની છોળો ઉડાડી

# સુરતમાં યુવકોએ GIDCમાં જમાવી દારૂની મહેફિલ હતી

। સુરત, તા.૨૩ ।

સુરતના પાંડેસરા GIDC વિસ્તારમાં દારૂ પીને ઝૂમતા યુવકનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં ૮થી ૧૦ યુવાનોએ જાહેરમાં ખુલ્લેઆમ દારૂની છોળો ઉડાડી હોવાનું સામે આવ્યું છે. આ લોકોએ 'એનિમલ' ફિલ્મના ફેમસ સોંગ 'જમાલ કુડુ' પર સ્ટેપ લઈ ડાન્સ કર્યો હતો. અહીં સવાલ એ થાય છે કે, ઈંગ્લિશ દારૂ પીને નશામાં ચૂર યુવાનોને પોલીસનો કોઈ ડર હોય તેમ લાગતુ નથી. આ સાથે ખુલ્લેઆમ દારૂ પીને છાકટા બનેલા યુવાનો વિરુદ્ધ કાર્યવાહી થશે ખરા ? જાહેરમાં દારૂની મહેફિલ, ફિલ્મી ગીતો પર હાથમાં બોટલ લઈ ઠુમકા, આ બધા દ્રશ્યો તમે ફિલ્મો કે પછી ગુજરાત સિવાયના રાજ્યમાં જોયા હશે. પરંતુ એક એવા દ્રશ્યો સામે આવ્યાં છે જે જોઈને તમે ચોંકી જશો કે શું આ ગાંધીના ગુજરાતના જ દ્રશ્યો છે.સુરતના પાંડેસરા વિસ્તારમાં દારૂબંધીના ધજાગરા ઉડાડતા દ્રશ્યો સામે આવ્યાં છે, જેમાં આપ જોઈ શકો છો કે GIDCમાં ખુલ્લેઆમ યુવકો દારૂની મહેફિલ કરી રહ્યાં છે. સુરતના પાંડેસરા વિસ્તારમાં ઈસમો જાહેરમાં ખુલ્લેઆમ દારૂની છોળો ઉડાડી રહ્યાં છે. નશામાં ધૂત યુવકોએ કાયદા કે પોલીસનો ડર ન હોય તેમ જાહેરમાં ફિલ્મી ગીતો પર ઠુમકા લગાવી રહ્યાં છે. કેટલાક યુવકો તો હાથ અને માથા પર દારૂની બોટલ મુકી ઠુમકા લગાવી રહ્યાં છે. તરફ હવે દારૂ પાર્ટીનો વીડિયો વાયરલ થયા બાદ અનેક સવાલ ઉભા થયા છે કે શું ખરેખર ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે ? શું યુવકોને પોલીસ કે કાયદાનો ડર નથી લાગતો ?

### પાણી ચાર્જ પેટે સરકારી ૧૩૦૭ કરોડનું દેવું ચડ્યું

# રાજકોટ મનપા પર ૧૩૦૭ કરોડ રુપિયાનું દેવું હોવાનું સામે આવ્યું

। રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ મહાનગરપાલિકા પર ૧૩૦૭ કરોડ રુપિયાનું દેવુ હોવાનું સામે આવ્યું છે. તો પાણી ચાર્જ પેટે સરકારી ૧૩૦૭ કરોડનું દેવું ચડ્યું હોવાનું સામે આવ્યું છે. તો સૌની યોજના સહિત વિવિધ યોજનાના પાણી ચાર્જ પેટે ગત નવેમ્બર ૨૦૨૩ સુધી દેવા રકમ ૧૩૦૭ કરોડ પહોંચી છે. રાજકોટનો શહેરી વિસ્તાર વધતા પાણીની માંગ દૈનિક ૪૦ કરોડ લીટર કરતા પણ વધારે છે.

રાજકોટ મહાનગરપાલિકા પર કરોડો રુપિયાનું દેવુ હોવાનું સામે આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા પર ૧૩૦૭ કરોડ રુપિયાનું દેવુ હોવાનું સામે આવ્યું છે. તો પાણી ચાર્જ પેટે સરકારી ૧૩૦૭ કરોડનું દેવું ચડ્યું હોવાનું સામે આવ્યું છે. તો સૌની યોજના સહિત વિવિધ યોજનાના પાણી ચાર્જ પેટે ગત નવેમ્બર ૨૦૨૩ સુધી દેવા રકમ ૧૩૦૭ કરોડ પહોંચી છે. રાજકોટનો શહેરી વિસ્તાર વધતા પાણીની માંગ દૈનિક ૪૦ કરોડ લીટર કરતા પણ વધારે છે. તો ૪૫ વર્ષથી મનપામાં નવા જળસ્ત્રોત બન્યા ન હોવાથી અન્ય યોજનાઓ પર દારોમદાર છે. તો રાજકોટના મેયર નયના પેઢડિયાએ દેવા અંગે નિવેદન આપ્યું છે. તેમને જણાવ્યું છે કે "દેવું માફ કરવા રાજ્ય સરકારને રજૂઆત કરીશું"

આ ઉપરાંત તેમણે જણાવ્યુ છે કે રાજકોટની જનતાને પાણી અંગે સમસ્યા ઉભી ન થાય તે માટે પાણીની માગ કરવામાં આવી છે. અગાઉ પણ જે રીતે દેવુ માફ કરવા પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. તેને ફરી એક વાર કરીશું.

## વિશેષ

### ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૧૦ અલગ અલગ વર્લ્ડ હેરિટેજ સ્મારકોનો પગપાળા પ્રવાસ કર્યો

# પંચમહાલ જિલ્લા કલેકટરશ્રીએ હેરિટેજ વોકને પીળીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું, વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા હેરિટેજ વોકમાં કલેકટરશ્રી સહિત અધિકારીઓ પણ જોડાયા






આજરોજ પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમારના હસ્તે વર્લ્ડ હેરિટેજ સાઈટ,"એક મિનાર કી મસ્જિદથી" હેરિટેજ વૉકને પીળીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.આજે પ્રથમ દિવસે પંચમહાલ જિલ્લાના ૨૦૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓ હેરિટેજ વૉકમાં જોડાયા હતા.

આ હેરિટેજ વૉકમાં કુલ ૧૦ અલગ અલગ વર્લ્ડ હેરિટેજ સ્મારકો ખાતે વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ સાથે જિલ્લા કલેક્ટરશ્રી સહિત વિવિધ અધિકારીશ્રીઓ પણ જોડાયા હતા તથા ઉપસ્થિતોને આ સ્મારકો અને તેના મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી. એક મિનાર મસ્જિદથી લઈને વડા તળાવ-ટેન્ટ સિટી સુધી કુલ ૧૦ સ્થળો ખાતે અંદાજે ૬ કિલોમીટરની રેન્જમાં હેલિકેલ વાવ,સકર ખાનની દરગાહ, સિટી ગેટ,શહેર કી મસ્જિદ, ચાંપાનેર વર્લ્ડ હેરિટેજ સાઈટ, જામી મસ્જિદ, ચાંપાનેર, કમાની મસ્જિદ, કબૂતર ખાના પેવેલિયન સહિતના ઐતિહાસિક સ્થળો ખાતે હેરિટેજ વૉકનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે.ગાઈડની મદદથી પ્રવાસીઓને તમામ સ્મારકો અંગે અને સાંસ્કૃતિક વારસા અંગે માહિતી આપવામાં આવી હતી. દરરોજ લોકો આ હેરિટેજ વૉકમાં જોડાવાના છે અને ગુજરાતની પ્રવાસન અને અણમોલ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાના છે.

હેરિટેજ વૉક પહેલા જિલ્લા કલેકટરશ્રીએ ઉપસ્થિતોને ઐતિહાસિક સ્મારકો અને તેના મહત્વ વિશે જાણકારી આપી હતી.તેમણે ચાંપાનેરના ઈતિહાસ વિશે વાત કરી હતી તથા ગુજરાતની પ્રથમ એવી વર્લ્ડ હેરિટેજનો દરજ્જો ધરાવતી સાઈટ ચાંપાનેર ખાતે ૧૧૪ જેટલા અલગ અલગ સ્મારકોના ઈતિહાસને ઉજાગર કરવાના સરકારશ્રીના પ્રયત્નો થકી પંચમહોત્સવ અંગે જાણકારી આપી હતી.

આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલી ભરપૂર શક્યતાઓને જોતા, યોગ્ય પ્રચાર-પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખ પ્રવાસીઓને આપી શકાય તે હેતુસર વર્ષ ૨૦૧૫થી પ્રતિવર્ષ પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પંચમહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ચાલુ વર્ષે ૨૫ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ઐતિહાસિક પ્રવાસન મથક અને "વર્લ્ડ હેરિટેજ સાઈટ"પાવાગઢ -ચાંપાનેર સ્થિત હાલોલના વડા તળાવ ખાતે પંચમહોત્સવના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ હેરિટેજ વૉકમાં હાલોલ પ્રાંત અધિકારીશ્રી પ્રણવ વિઠ્ઠાણી,નાયબ માહિતી નિયામક સુશ્રી પારૂલ મણિયાર,જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એમ.જી. પટેલ, હાલોલ મામલતદારશ્રી બી.એમ.જોશી સહિત વિવિધ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા

### સાઉથ આફ્રિકા સામેની ટીર૦માં ખેલાડીને ઈજા થઈ હતી

# સુર્યકુમાર યાદવ ફેબ્રુઆરી સુધી મેદાન પર વાપસી નહીં કરી શકે

## સાઉથ આફ્રિકાથી ભારત પરત ફર્યો ત્યારે સુર્યકુમાર યાદવના પગનો સ્કેન કરવામાં આવતા સ્કેનમાં ગ્રેડ-૨ લેવલનું ટીયર મળી આવ્યું



। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય ક્રિકેટ ટીમને સતત ૨ ટી૨૦આઈ સિરીઝ જીતાવનાર સૂર્યકુમાર યાદવને પગમાં ગંભીર ઈજા થઈ હતી. હવે એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે તે ફેબ્રુઆરી મહિના સુધી ક્રિકેટના મેદાનમાં વાપસી કરી શકશે નહીં. મળેલા અહેવાલો મુજબ સૂર્યકુમાર યાદવ ગયા અઠવાડિયે જયારે સાઉથ આફ્રિકાથી ભારત પરત ફર્યો ત્યારે તેના પગનો સ્કેન કરવામાં આવ્યો હતો.

સ્કેનમાં ગ્રેડ-૨ લેવલનું ટીયર મળી આવ્યું હતું. આવી સ્થિતિમાં ઈજાની ગંભીરતાને જોતા તે હવે જાન્યુઆરીમાં અફઘાનિસ્તાન સામે થનારી ૩ મેચની ટી૨૦આઈ સિરીઝમાં ભાગ લઈ શકશે નહીં.

ટી૨૦ વર્લ્ડ કપ૨૦૨૪ પહેલા અફઘાનિસ્તાન સિરીઝ ભારતીય ટીમની છેલ્લી ટી૨૦આઈ સિરીઝ હશે. ભારતીય ટીમ પાસે ટી૨૦ વર્લ્ડ કપપહેલા યોગ્ય કોમ્બીનેશન શોધવાની આ છેલ્લી તક રહેશે.

આવી સ્થિતિમાં સૂર્યાની ગેરહાજરી ભારતીય ટીમની ટી૨૦ વર્લ્ડ કપ માટેની તૈયારીઓને એક મોટો ઝટકો છે. સાઉથ આફ્રિકા સામે રમાયેલી ત્રણ મેચોની ટી૨૦આઈ સિરીઝની છેલ્લી મેચ દરમિયાન સૂર્યાને પગમાં ઈજા થઈ હતી. આ સિરીઝની પ્રથમ મેચમાં સૂર્યાએ શાનદાર સદી ફટકારી હતી. બીજી ઈનિંગ દરમિયાન ત્રીજી ઓવરમાં સાઉથ આફ્રિકાના બેટ્સમેન દ્વારા શોટ મારવામાં આવ્યો જેને રોકીને બોલ થ્રો કરતી વખતે સૂર્યાને ઈજા થઈ હતી. આ પછી તેને ફિઝિયો દ્વારા તરત જ મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ વાઈસ કેપ્ટન રવિન્દ્ર જાડેજાએ બાકીની મેચમાં ટીમની કમાન સંભાળી હતી. આ મેચ ભારતે ૧૦૬ રનથી જીતી હતી અને સૂર્યકુમાર યાદવ 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

### બજરંગ પુનિયાને પદ્મશ્રી પુરસ્કારને પરત કરવાનો કોઈ અધિકાર નથી



। નવી દિલ્હી, તા.૨૩ ।

હાલમાં જ કુસ્તીમાં ઓલમ્પિક પુરસ્કાર વિજેતા બજરંગ પુનિયાએ જાહેરાત કરી હતી કે તેઓ ભારત સરકાર દ્વારા મળેલા પદ્મ પુરસ્કારને પરત કરવામાં છે. બજરંગ પુનિયા પહેલા પણ ઘણા લોકોએ પદ્મ એવોર્ડ પરત કરવાની જાહેરાત કરી છે. સામાન્યરીતે જો કોઈ એવોર્ડ વિજેતા ઈચ્છે તો તે કારણો જણાવીને પોતાનો એવોર્ડ પરત કરી શકે છે પરંતુ પદ્મ પુરસ્કારના કિસ્સામાં આવી કોઈ જોગવાઈ નથી. એકવાર કોઈ વ્યક્તિને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે, તેનું નામ ભારતના ગેઝેટમાં પ્રકાશિત થાય છે. અખબારના એક અહેવાલ મુજબ કોઈ એવોર્ડ વિજેતા ઈચ્છે તો કારણ જણાવીને તેમનો એવોર્ડ પરત કરી શકે છે. પરંતુ આ બાબત પદ્મ પુરસ્કારમાં બહું પડતી નથી. પદ્મ પુરસ્કાર બાબતે નિયમ છે કે જ્યાં સુધી કોઈ નક્કર કારણ ન હોય ત્યાં સુધી એવોર્ડ રદ કરી શકાતો નથી. પુરસ્કાર ત્યારે જ રદ થાય છે જ્યારે રાષ્ટ્રપતિ નક્કી કરે કે વિજેતાનું નામ પાછું ખેંચી લેવું જોઈએ કે નહિ.

### વાયુસેના મહત્વની ભૂમિકા નિભાવશે : વાયુસેનાના પ્રમુખ



। નવી દિલ્હી, તા.૨૩ ।

વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ વી. આર. ચૌધરીએ જણાવ્યું હતું કે આ સમયે વિશ્વ એક નિર્ણાયક સમયગાળામાં છે અને ફેરફારનું વલણ મજબૂતી સાથે ભારતના પક્ષમાં છે. તેમણે કહ્યું હતું કે 'ગ્લોબલ સાઉથ'માં ભારતનું આગળ આવવું આંતરરાષ્ટ્રીય મામલાઓમાં મહત્વપૂર્ણ બિંદુ છે. ચૌધરી 'ઈન્ડિયા એન્ડ ધ ગ્લોબલ સાઉથઃ પડકારો અને તક' વિષય પર સેમિનારને સંબોધિત કરી રહ્યા હતા. સેન્ટર ફોર એર પાવર સ્ટડીઝ દ્વારા ૨૦મી સુબ્રતો મુખર્જી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ગ્લોબલ સાઉથ' એ એવા દેશો છે જે ઘણીવાર વિકાસશીલ, ઓછા વિકસિત અથવા અવિકસિત તરીકે ઓળખાય છે અને આ મુખ્યત્વે આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકામાં આવેલા છે. તેમણે કહ્યું હતું કે જ્યારે આપણે નવા આકાશમાં ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યા છીએ તો રાષ્ટ્રની શક્તિના મહત્વના રૂપ તરીકે વાયુ શક્તિ નિસંદેહ મહત્વની ભૂમિકા ભજવશે અને રાષ્ટ્રીય શક્તિના પ્રતિકના રૂપમાં શાંતિ અને સહયોગના સાધનના સ્વરૂપમાં કામ કરશે. એર ચીફ માર્શલ ચૌધરીએ કહ્યું હતું કે વાયુ સેના પ્રગતિ, રણનીતિક ભાગીદારીને મજબુત કરવા અને ગ્લોબલ સાઉથને સામુહિક રૂપથી આગળ વધારવાની દિશામાં ઉત્પ્રેરકના રૂપમાં કામ કરી શકે છે.

### જમ્મુ-કાશ્મીર સરહદે પાક. તરફથી ઘૂસણખોરીનો પ્રયાસ

## અખનૂર સેક્ટરમાં ઘૂસણખોરી કરતા એક આતંકીને ઠાર કરાયો

। જમ્મુ, તા.૨૩ ।

ભારતીય સુરક્ષાદળોના જવાનોએ જમ્મુ-કાશ્મીર સરહદે શનિવારે વહેલી સવારે પાકિસ્તાન તરફથી થતો ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. અખનૂર સેક્ટરમાં ચાર આતંકવાદીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફરજ પર તહેનાત સુરક્ષાદળોએ મોરચો સંભાળીને જવાબી કાર્યવાહી કરી હતી અને એક આતંકવાદીને ઠાર માર્યો હતો. આ દરમિયાન ત્રણેય આતંકવાદી તેમના સાથીદારનો મૃતદેહ પાકિસ્તાન તરફ લઈ જતા દેખાયા હતા. આ ઘટના સર્વેલન્સ ઉપકરણોમાં પણ નોંધાઈ હતી. આ અંગે ભારતીય સૈન્યની 'વ્હાઈટ નાઈટ કોર'એ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું છે કે 'ખૌર, અખનૂર અને આઈબી સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો છે. ૨૨-૨૩ ડિસેમ્બરની રાતે સર્વેલન્સ સાધનોમાં શંકાસ્પદ ગતિવિધિ નોંધાઈ હતી. ત્યાર પછી અમે ફાયરિંગ



શરૂ કર્યું હતું. બાદમાં આતંકીઓ તેમના સાથીદારના મૃતદેહને આંતરરાષ્ટ્રીય સરહદ પાર ઢસડીને લઈ જતા જોવા મળ્યા હતા.' આ દરમિયાન પૂંછમાં એન્કાઉન્ટર થયું હતું તે સ્થળે ત્રણ મૃતદેહ શંકાસ્પદ સ્થિતિમાં મળી આવ્યા હતા. પૂંછના ડે. કમિશનર મોહમ્મદ યાસિન ચૌધરી અને એસએસપી વિનયકુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. બાદમાં રાજૌરી અને પૂંછમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા અનિશ્ચિત સમય સુધી બંધ કરી દેવાઈ હતી. આ મૃતદેહો કોના છે તે અંગે હજુ સુધી કોઈ જાણકારી મળી શકી નથી. નોંધનીય છે કે ગુરુવારે રાજૌરી-પૂંછમાં આતંકી હુમલો થયો હતો.જેમાં ચાર સુરક્ષાકર્મી શહીદ થયા હતા જ્યારે ચાર આતંકવાદી ઠાર મરાયા હતા. ઉલ્લેખનીય છે કે, કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિંહાએ કહ્યું હતું કે, 'કાશ્મીરમાં આતંકવાદ છેલ્લા શ્વાસ ગણી રહી છે અને ત્યાંની સુરક્ષા પશ્ચિમ બંગાળથી ઘણી સારી છે.' આ નિવેદન બાદ તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તા કુણાલ ઘોષે મનોજ સિંહાને ઉપરાજ્યપાલના હોદ્દાનો દુરુપયોગ ન કરવાની સલાહ આપતા કહ્યું હતું કે 'બંગાળ વિરુદ્ધ પાયાવિહોણી ટિપ્પણીઓ કરવા સામે અમે તમને ચેતવણી આપીએ છીએ.'

## બાપના પૈસાના નિવેદન પર ઉદયનીધિને સીતારમણની ચેતવણી

। નવી દિલ્હી, તા.૨૩ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણ એ ઉદયનિધિ સ્ટાલિનને તેમના 'બાપના પૈસા' વાળા નિવેદન પર ચેતવણી આપતા કહ્યું કે બોલતા પહેલા પોતાના શબ્દો પર ધ્યાન આપવું જોઈએ અને રાજકીય નેતાને શોભે તે રીતે બોલવું જોઈએ. ઉદયનિધિ સ્ટાલિને આ મિહિનાની શરુઆતમાં કથિત રીતે કેન્દ્ર દ્વારા તમિલનાડુને ભંડોળ ન આપવા અંગે કહ્યું હતું કે 'અમે કોઈના બાપના પૈસા માંગી નથી રહ્યા, અમે ફક્ત તમિલનાડુના લોકો દ્વારા ચૂકવાયેલો ટેક્સનો હિસ્સો



માંગી રહ્યા છીએ'. નાણામંત્રી નિર્મલા સીતારમણએ આ નિવેદન પર જવાબ આપતા કહ્યું હતું કે જ્યારે તે મંત્રી છે તો તેમણે જવાબદારી પૂર્વક બોલવું જોઈએ. તેઓ પિતાના પૈસા વિશે પૂછી રહ્યા છે, શુ તે પોતાના પિતાની સંપતિનો ઉપયોગ કરીને સત્તા ભોગવી રહ્યા છે? શું હું આવું પુછી શકું છું?

### પ્રાણ-પ્રતિષ્ઠામાં લાગશે ચાર ચાંદ

## ભગવાન શ્રીરામ માટે સાસરી મિથિલાથી આવશે ખાસ ભેટ

### બિહારના મિથિલાથી પહુન એટલે કે રામજી માટે પાગ, પાન, મખાના અને સોનાથી બનેલા ધનુષ અને તીરની ભેટ મોકલવામાં આવશે

। નવી દિલ્હી, તા.૨૩ ।

અયોધ્યામાં બનેલા ભવ્ય રામ મંદિરનો અભિષેક ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થશે. બિહારના મિથિલાથી પહુન એટલે કે રામજી માટે પાગ, પાન, મખાના અને સોનાથી બનેલા ધનુષ અને તીરની ભેટ મોકલવામાં આવશે. વર્ષો પછી રામલલા તંબુમાંથી બહાર આવીને મંદિરમાં બેસશે અને આ ક્ષણ દેશ અને દુનિયા માટે ખૂબ જ ખાસ હશે. રામલલાના સ્વદેશ પાછા ફરવાના શુભ અવસર પર, મિથિલાની



પરંપરા મુજબ, બિહારના મિથિલાથી રામજીના સાસરિયાઓને પાગ (પાઘડી), પાન અને મખાનાની ભેટ મોકલવામાં આવશે. બિહારના મિથિલા પ્રદેશમાં એક કહેવત છે. 'પગ પગ પોખર મચ મખાન, મધુર બોલ મુસ્કી મુખ પાન'. જ્ઞાન, વૈભવ, શાંતિનું પ્રતીક, નૈતિક મિથિલની ઓળખ. ખાસ કરીને મિથિલાના મખાનાનો ક્રેઝ દેશ-વિદેશ સાથે જોડાયેલો છે. મિથિલામાં રામજીએ ધનુષ તોડ્યા પછી સીતાજી સાથે તેમના લગ્ન થયા હતા. આવી સ્થિતિમાં પહુન (રામજી) માટે મિથિલાથી સોનાથી બનેલું ધનુષ અને બાણ પણ મોકલવામાં આવશે. આ ભેટ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મોકલવામાં આવશે. હાલમાં આ ભેટ પટનાના પ્રસિદ્ધ મહાવીર મંદિરમાં છે.

### બિસ્કિટ અને કેકના પેકેટમાં છુપાવ્યા હતા

## મુંબઈ એરપોર્ટ પર મુસાફર પાસેથી નવ અજગર સહિત ૧૧ સાપ મળ્યા

### સામાનની તપાસ કરતી વખતે, અધિકારીઓને બિસ્કિટ અને કેકના પેકેટમાં છુપાયેલા નવ બોલ અજગર અને બે કોર્ન સાપ મળી આવ્યા

। મુંબઈ, તા.૨૩ ।

ડીઆરઆઈએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એક વ્યક્તિના કબજામાંથી નવ અજગર સહિત ૧૧ સાપ કબજે કર્યા છે. અધિકારીએ જણાવ્યું કે સાપની દાણચોરી કરવા બદલ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈના એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું કે ગુપ્ત માહિતીના આધારે ડીઆરઆઈના મુંબઈ ઝોનના અધિકારીઓએ બુધવારે બેંગકોકથી



આવી રહેલા એક વ્યક્તિને એરપોર્ટ પર રોક્યો હતો.

સામાનની તપાસ કરતી વખતે, અધિકારીઓને બિસ્કિટ અને કેકના પેકેટમાં છુપાયેલા નવ બોલ અજગર અને બે કોર્ન સાપ મળ્યા. દાણચોરી કરાયેલા જંગલી પ્રાણીઓને કસ્ટમ્સ એક્ટ હેઠળ જપ્ત કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે બોલ અજગર અને સાપની સ્વદેશી પ્રજાતિ નથી. જંગલી પ્રાણીસૃષ્ટિની લુપ્તપ્રાય પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરના કન્વેન્શન અને આયાત નીતિના ઉલ્લંઘનમાં રજૂ કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે WCCBના પ્રાદેશિક ડેપ્યુટી ડાયરેક્ટરે સાપને બેંગકોક પાછા મોકલવાનો આદેશ જારી કર્યો છે જેથી તેઓને યોગ્ય વાતાવરણ મળી શકે.

### મોટીવેશનલ સ્પિકરની મુશ્કેલી વધી

## વિવેક બિન્દ્રા પર પત્નીએ ઘરેલુ હિંસાનો આરોપ લગાવ્યો

### લગ્નના બે દિવસ બાદ માતા સાથે ઝઘડો થતાં વિવેકે પત્નીને રુમમાં પુરી દીધી, દુર્વ્યવહાર શરૂ કરતા ફરીયાદ

। નોઈડા, તા.૨૩ ।

જાણીતા મોટિવેશનલ સ્પીકર અને સોશ્યલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર વિવેક બિન્દ્રા પર તેની પત્ની સામે ઘરેલુ હિંસાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ વિવેક બિન્દ્રાની પત્ની યાનિકા બિન્દ્રાના ભાઈ વૈભવ ક્વાત્રાએ તેની સામે નોઈડાના સેક્ટર ૧૨૬માં કેસ નોંધાવ્યો છે. વૈભવ ક્વાત્રાએ જણાવ્યું હતું કે ૬ ડિસેમ્બરના રોજ યાનિકાના લગ્ન વિવેક બિન્દ્રા સાથે થયા હતા. વિવેક હાલ સેક્ટર-૯૪માં રહે છે. લગ્નના ૨ દિવસ પછી વિવેકનો તેની માતા પ્રભા સાથે ઝગડો થયો હતો. આ દરમિયાન પત્ની યાનિકાએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે



વિવેકે તેને રૂમમાં બંધ કરી દીધી હતી. ત્યાર પછી તેણે તેની સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું અને તેને ખરાબ રીતે મારવાનું શરૂ કર્યું. બિન્દ્રાએ તેને એટલી થપ્પડ મારી કે યાનિકાના કાનનો પડદો ફાટી ગયો. આરોપ છે કે બિન્દ્રાએ તેની પત્નીના વાળ પણ ખેંચી લીધા હતા, જેના કારણે તેના માથા પર પણ ઘા થયા હતા. ગુસ્સામાં બિન્દ્રાએ તેની પત્ની યાનિકાનો ફોન પણ તોડી નાખ્યો હતો. તાજેતરમાં બિન્દ્રા અને અન્ય મોટિવેશનલ સ્પીકર સંદીપ મહેશ્વરી વચ્ચે પણ વિવાદ થયો હતો.

### વિદેશ જવા લોકોની ગેરકાયદેસર પદ્ધતી ડંકી

## વર્ષમાં ૯૬,૯૧૭ ભારતીયો યુએસમાં પ્રવેશતા પકડાયા

### કેનેડા બોર્ડર અને મેક્સિકો બોર્ડર, આ બે મુખ્ય માર્ગો દ્વારા ડંકી રૂટથી અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશ કરી શકાય છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

તાજેતરમાં શાહરૂખ ખાનની રિલીઝ થયેલી ફિલ્મ ડંકીમાં ડંકી રૂટ અપનાવનાર લોકોની વાત છે. ડંકી રૂટ એટલે એવો માર્ગ જ્યાં વ્યક્તિ ગેરકાયદેસર રીતે એક દેશથી બીજા દેશમાં જાય છે. ડંકી શબ્દ વાસ્તવમાં ગધેડા પરથી આવ્યો છે. આ પંજાબી રૂઢિપ્રયોગ પરથી ઉતરી આવ્યું છે. તેનો અર્થ થાય છે 'એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું'. દર વર્ષે હજારો લોકો વિદેશ જવા માટે ડંકી રૂટ જેવી ગેરકાયદેસર પદ્ધતિ અપનાવે છે, જે ખૂબ જ ખતરનાક છે. ડંકી રૂટ ડેસ્ટીનેશન પર પહોંચવાની કોઈ જ ગેરંટી નથી. ક્યારેક લોકો પકડાઈ જતા તેને પાછા મોકલી દેવામાં આવે છે અથવા તો જેલમાં મોકલવામાં આવે છે. ઘણી વખત લોકો મૃત્યુ પણ પામે છે. સારા જીવનની શોધમાં પોતાનો જીવ જોખમમાં મુકીને અમેરિકા, બ્રિટન કે કેનેડા પહોંચવા માટે દર વર્ષે પંજાબ, હરિયાણા, ગુજરાત, રાજસ્થાન અને દિલ્હી જેવા રાજ્યોમાંથી યુવાનો ડંકી માર્ગ અપનાવે છે. ગેરકાયદેસર માર્ગો અપનાવીને વિદેશ જનારા ભારતીયોની સંખ્યા સતત વધી રહી છે. એકલા અમેરિકામાં જ પાંચ



વર્ષમાં ગેરકાયદે પ્રવાસ કરનારા લોકોની સંખ્યા બે લાખને વટાવી ગઈ છે. અમેરિકી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે ૯૬ હજાર ૯૧૭ ભારતીયો દસ્તાવેજો વગર અમેરિકામાં પ્રવેશતા પકડાયા હતા.

કેનેડા બોર્ડર અને મેક્સિકો બોર્ડર, આ બે મુખ્ય માર્ગો દ્વારા ડંકી રૂટથી અમેરિકામાં પ્રવેશ કરી શકાય છે. ડંકી રૂટથી ભારતથી અમેરિકા માલસામાનની હેરફેરનું કામ પણ ગેરકાયદેસર રીતે થાય છે. જેના કારણે અમેરિકા પહોંચવામાં દિવસો નહીં પણ કેટલાંક અઠવાડિયા કે મહિનાઓ લાગી જાય છે.

### બસ્તર વિસ્તારમાં ફરી નક્સલી ગતિવિધિ સામે આવી

## સેના સાથેની અથડામણમાં ત્રણ નક્સલીઓ ઘાયલ થયા

### આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે

। સુકમા, તા.૨૩ ।

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બસ્તર વિસ્તારમાં ફરી એકવાર નક્સલી ગતિવિધિઓ સામે આવી છે. નક્સલીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળ અને નક્સલવાદીઓ વચ્ચે ફાયરિંગ થયું હતું. સુકમા અને દંતેવાડાની બોર્ડર પર નક્સલવાદીઓએ ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોની જવાબી કાર્યવાહીમાં ત્રણ નક્સલીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચૌહાણે કહ્યું છે કે, પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

જેમાં ત્રણ નક્સલી ઘાયલ થયા છે, આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. આ અથડામણ સુકમા અને દંતેવાડા



પોલીસ કર્મચારીઓની સંયુક્ત કાર્યવાહી છે. એસપી કિરણે પુષ્ટિ કરી છે કે આ કાર્યવાહી સુકમા ડીઆરજી અને દંતેવાડા ડીઆરજીમાં સીઆરપીએફ ૨જી બટાલિયન અને સીઆર-પીએફ ૧૧૧ બટાલિયન સાથે કરવામાં આવી છે. આ પહેલા બીજાપુરમાં પણ સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો, જેમાં એક ડીઆરજી જવાન ઘાયલ થયો હતો. ઘટનાસ્થળે ૩ આઈડીવિસ્ફોટના પણ અહેવાલ મળ્યા હતા. આ પહેલા ૧૭ ડિસેમ્બરે પણ નક્સલવાદીઓએ સુકમામાં સેના પર હુમલો કર્યો હતો.

## તંત્રી લેખ...

# કોરોના વાયરસના નવા વેરિયન્ટની શરૂઆત

વિશ્વ આરોગ્ય સંસ્થાએ હમણાં ફરી ચોંકાવનારી જાહેરાત કરી છે કે આવનારા દિવસોમાં વધુ લાખો ચીનાઓ કોરોનામાં હોમાઈ જશે, કારણ કે ચીન પાસે દવાઓનો ભંડાર ખાલસા થયેલો છે. ચામાચીડિયાના માંસના શોખીન ચીનાઓને એ અંદાજ નહીં હોય કે તેમના આ શોખની કિંમત આખા જગતે દાયકાઓ સુધી ચૂકવવી પડશે. કોરોના વાઈરસનો મૂળ સ્ત્રોત કયો એ હવે વણઉકેલ્યું રહસ્ય બની ગયું છે અને તેનો પતો ક્યારેય લાગવાનો નથી. એઈડ્સના એચઆઈવી વાયરસના ઉદગમસ્થાન વિશે પણ આપણે અડધી સદી પછી પણ હજુય અંધારામાં જ છીએને! ચીનાઓની લોખંડી ગુપ્તતા કોરોનાના મૂળ સુધી ન પહોંચવા દે છતાં પણ જગતભરના વિજ્ઞાનીઓનો બહુમત એવો છે કે કોરોના વાયરસ એ ચામાચીડિયાની જ દેન છે અને એની સાથે સીધા સંપર્કમાં માણસ આવ્યો એટલે જ માનવજાત કોરોનાના સપાટામાં ચડી. આજે અમેરિકન સરકારે પણ નવા વેરિયન્ટ અંગે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે. જુગુપ્સા જનક અને આપણા માટે તો અખાદ્ય હોય તેવા પદાર્થોને પોતાના ભોજનમાં સમાવવા ટેવાયેલા એવા ચાઈનીઝ લોકોએ દુનિયાને વર્ષો સુધી નહીં પણ દાયકાઓ સુધી ચાલુ રહે એવી તકલીફમાં મૂકી દીધા છે. કોરોના વાયરસનો નવો વેરિયન્ટ આવ્યા પછી તો એવો સૂર પણ ઉઠયો હતો કે આ આખી સદી મહામારી સદી તરીકે ઓળખાય તો પણ નવાઈ નહીં. હમણાં એક વખત વિશ્વ મીડિયાએ કોરોનાની કાયમી વિદાયનું બ્યુગલ બજાવ્યા પછી ફરી એ વાત જાહેર થઈ છે કે કોરોનાની ચિરવિદાય ભ્રામક છે. કોરોના મહામારીના શરૂઆતના તબક્કામાં એવું લાગતું હતું કે આ તો પાંચ-છ મહિનાની ગેઈમ છે. પછી એ ગેઈમ વિકરાળ થવા લાગી. એક-બે વર્ષની બ્રેક લાગી ગઈ દુનિયાને. સેકન્ડ વેવ પછી અને ઘણા બધા લોકોને રસીના બંને ડોઝ મળી ગયા પછી બહુધા લોકો એ ભ્રમમાં હતા કે કોરોનાકાળની કુલ મળીને અવધિ પાંચેક વર્ષ કહી શકાય. પણ ૨૦૨૦ ના સમયમાં જ અમુક નિષ્ણાતોએ કહી દીધું હતું કે માનવજાતે હવે કોરોના સાથે રહેતા શીખવું પડશે. હકીકત એ નીવડી કે માત્ર ચીને કોરોના સાથે રહેવું પડશે. કોરોના નેસ્તનાબૂદ થવાનો નથી એવો સૂર એ ભવિષ્યવાણીમાં પડઘાતો હતો, પણ સમાંતર રીતે જે-તે દેશના વડાઓ અને તંત્ર તો એ જ ભ્રમમાં હતા કે હવે થોડા મહિના પછી કોરોનાનો ભય જતો રહેશે. ત્યાં નવો વેરિયન્ટ ઓમિક્રોન આવ્યો. હવે નજર સામે રહેલું સત્ય ચીનાઓને સ્પષ્ટ દેખાયું કે આ મહિનાઓની નહીં, પણ દાયકાઓની રમત છે અને એ પણ જીવલેણ રમત છે. પરંતુ થવાનું એવું છે કે એક-બે દાયકા પછી પણ કોરોના વાયરસ કે એના મયૂટન્ટ સ્વરૂપોની ભીતિ નીચે જ ચીનાઓ જીવતા હશે અને એકવીસમી સદીના અંત સુધી આ મહામારી નામશેષ ચીનમાંથી તો નહીં જ થાય. કોરોના વાયરસ પોતાનો વંશવેલો વધારવાની તૈયારી સાથે આવ્યો છે. સજીવ માત્રની આ ખાસિયત છે અને એ ખાસિયત તેને કુદરત પાસેથી મળી છે કે પોતાનો આંબો સમૃદ્ધ કરવો. આપણા પરિવારનો આંબો હોય છે. દરેક પરિવારનો દસેક પેઢી સુધીનો આંબો જોઈએ તો એ ઘટાટોપ લાગે, ઘેઘૂર લાગે, ભવ્ય લાગે. દસેક પેઢી અને એ દરમિયાન સર્જાયેલા ડઝનબંધ પરિવારોમાં બધા જ પ્રકારની વેરાયટી જોવા મળે. દરેક ક્ષેત્રમાં કોઈ દૂરના પરિવારજને પોતાનું નામ રોશન કર્યું હોય અને કોઈ એવું પણ હોય જેણે એના કુટુંબનું નામ ડૂબાડયું હોય. વિવિધતા હોવા છતાં એક પ્રકારનું સામ્ય પેઢી દર પેઢી ચાલ્યું આવતું હોય. લોહીનો સંબંધ એ માત્ર સામાજિક શબ્દપ્રયોગ નથી.


# વિપક્ષી ગઠબંધનના આગેવાન કોણ?

‘ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ અલાયન્સ’ નામનું વિપક્ષી ગઠબંધન જેમાં ૨૮ પક્ષો છે, તેની ઈચ્છા છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ સામે લડવા માટે એક સંયુક્ત મોરચો બનાવવામાં જેટલું સંભવ હોય, વધુને વધુ વિપક્ષી દળોને સાથે જોડવામાં આવે. આ ગઠબંધનની સ્થાપના કરવામાં કોંગ્રેસનું યોગદાન એટલું જ મહત્ત્વનું છે જેટલું અન્ય પ્રાદેશિક પાર્ટીઓનું, આ એક રીતે ગાંધી પરિવારની સ્વીકારોક્તિ છે કે તેમનો રાજકીય વારસો પોતાના દમ પર ભાજપ સામે મુકાબલો કરવા લાયક રહ્યો નથી. વિપક્ષી ગઠબંધનની બેઠકોની શૃંખલાથી એ પણ સાબિત થાય છે કે કોંગ્રેસનો દબદબો બાકીનાઓ કરતાં વધુ નહીં, બરાબરીનો છે. આદર્શ રૂપે હાલની ઘટનાઓ આ પ્રકારના ગઠબંધનની જરૂરિયાતને વધુ ઊંડાણથી રેખાંકિત કરે છે. ખાસ કરીને કોંગ્રેસ માટે, કારણ કે પટનામાં વિપક્ષી ગઠબંધનના પહેલા સંમેલનથી જે અનુકૂળ માહોલ બન્યો હતો, તે આગળ જઈને ફિક્કો પડતો ગયો. તેનાથી સાત મહિના પહેલાં, રાહુલ ગાંધીની વ્યાપક ભારત જોડો યાત્રા પૂરી થયા બાદ પણ કંઈક આશા બંધાઈ હતી. જે સામાન્ય લોકો વચ્ચે તેમની છબિ એક અનિચ્છુક અને બેપરવા રાજનેતાની હોવાને બદલવામાં થોડી હદે સફળ થઈ હતી. કોંગ્રેસે કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં પ્રભાવશાળી જીત પણ મેળવી અને જેડી(એસ)ને ખતમ કરી નાખી, જેને કારણે તેણે ‘એનડીએ’નું શરણું પકડ્યું છે. ૨૦૨૩નું વર્ષ ખતમ થતાં થતાં વિપક્ષ માટે પરિદશ્ય માયૂસીમાં બદલાઈ ગયું. ભાજપે હિંદી પટ્ટીના ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ સાથે સીધી ટક્કરમાં એકતરફી જીત મેળવી. આ ક્ષેત્રમાં હવે કોંગ્રેસી ધારાસભ્યોનું વજૂદ અહીં-ત્યાં છે. સંસદમાં ચાલી રહેલ વર્તમાન શિયાળુ સત્રમાં, ભાજપે ૨૦૨૪માં સત્તાવાપસીના કયાસો વચ્ચે પોતાની લગભગ આધિપત્યવાળી સ્થિતિને ફરી સુદઢ કરી છે. સંસદની સુરક્ષામાં લાગેલ હાલના ગાબડા પર વિપક્ષ દ્વારા સરકારને સદનની અંદર વક્તવ્યની માંગની ભાજપે જરા પણ પરવા ન કરી. સરકારે સદનમાં હંગામો કરનારાઓને પાસ ઉપલબ્ધ કરાવનાર સાંસદોને જવાબદાર ઠેરવવાના સૂચનને પણ ફગાવી દીધું અને ચર્ચા કરાવ્યા વિના કાયદા પણ પસાર કરાવી લીધા, જેનો ડેટા સુરક્ષા અને અપરાધિક ન્યાય પ્રણાલી પર દૂરગામી અસર પડશે. વિપક્ષી સાંસદોને જથ્થાબંધમાં બરતરફ કરાયા બાદ, લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષી સદસ્યોની ઉપસ્થિતિ બાકીના સત્રમાં નગણ્ય થઈ ગઈ છે. આવી હાલત વિપક્ષના ગઠબંધનને ફળીભૂત કરવામાં કેટલા પૂર્વ-સંકેતક છે? ૧૯ ડિસેમ્બરે વિપક્ષી ગઠબંધનના ઘટકોની નવી દિલ્હીમાં બેઠક થઈ, હેતુ હતો પરસ્પર ફૂટને લઈને ચાલી રહેલી ચર્ચાઓનું નિરાકરણ કરવામાં આવે, જે પાછળાં સત્રો બાદ અને હાલના રાજ્યોની ચૂંટણીઓ પહેલાં સીટ વહેંચણીને લઈને સમાજવાદી પાર્ટી, જેડીયુ અને રાષ્ટ્રીય લોકદળ વચ્ચે ખેંચતાણથી પેદા થઈ હતી. બેઠક, જેમાં શિવસેના(યુ), ઉત્તર પ્રદેશ અને બિહારમાં મંડલ કમિશન રાજનીતિ કરનારી પાર્ટીઓ, ડીએમકે અને તેના સહયોગી પક્ષ અને આમ આદમી પાર્ટી સામેલ હતા, તેમની વચ્ચે સહયોગ અને સર્વસંમતિ બનાવવા મુદ્દે હતી, પરંતુ તે થઈ ન શક્યું.

# આખા વિશ્વનું પ્રતિનિધિત્વ કરી શકે એવો કોઈ ગ્રંથ હોય તો!! એ છે શ્રીમદ્ ભગવત ગીતા...!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

માગશર સુદ એકાદશી કે જેને મોક્ષદા એકાદશી પણ કહેવામાં આવે છે, જે દિવસને આપણે સૌ ગીતા જયંતી તરીકે ઓળખીએ છીએ. ભગવત્ ગીતા એ ભારતીય સનાતન સંસ્કૃતિની એવી ધજા છે કે, જેને પૂરું વિશ્વ સન્માન આપે છે, અને વંદન કરે છે. આમ તો ગીતા વિશે કંઈ પણ લખી શકવાની જીવની કદાચ હેસિયત નથી. કારણ કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી આ ગીતાના શ્લોકનું ગાન થયું છે, અને એનો ઉપદેશ કે આશય શું હતો! એ આપણે કદાચ એટલું પામી શકીએ નહીં. પરંતુ ચિંતક હોવાને નાતે સતત એ વિષયનું ચિંતન કરીને ભગવાન શ્રી કૃષ્ણ આપણને શું કહેવા માંગી રહ્યાં હતાં, અને આપણે તેમાંથી કેટલો બોધ ગ્રહણ કર્યો, એ વિષે થોડી વાત જરૂર મૂકી શકાય, એટલે ગીતા વિશેનું માત્ર મંતવ્ય રજૂ કરી શકે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતાં આપણા વૈદિક શાસ્ત્રો, જેમાં ચાર વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, તથા શ્રીમદ ભાગવત, દેવી પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે.

આ ગ્રંથને કારણે જ આ હિન્દુ સંસ્કૃતિની પ્રસિદ્ધિ અન્ય દેશો સુધી પહોંચી છે, એ વાતનો નતમસ્તક થઈને સ્વીકાર કરવો પડે. એટલે કે ભારતીય સંસ્કૃતિ એટલે કે એવી સંસ્કૃતિ કે જ્યાં ઈશ્વરને પણ જન્મ લેવાનું મન થાય, અને ઈશ્વર અવતાર તરીકે આવીને લીલાઓ કરે. આ લીલા પરથી આપણે કંઈક બોધ લેવાનો હોય અને વિષમ પરિસ્થિતિમાં ઈશ્વર જરૂર આવશે, અથવા ઈશ્વરે જ્યારે જન્મ લીધો ત્યારે એને પણ કેટલીયે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, તો આપણાં જેવાને તો કર્મફળ ભોગવવું જ પડે. આજથી આશરે ૭૦૦૦ વર્ષ પહેલા માગશર સુદ અગિયારસને દિવસે, કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવ અને પાંડવોનાં યુદ્ધ સમયે, યુદ્ધભૂમિ પર અર્જુન સામેના પક્ષમાં પોતાના સગા વ્હાલા ને જોઈને હથિયાર હેઠા મૂકી દે છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં અર્જુનને સમજાવતા હોય એ રીતે ભગવત ગીતા કહેવાઈ છે. ભાગવત ગીતાના ૧૮ અધ્યાય છે, ૭૦૦ શ્લોકમાં પૂરી થતી આ ગીતા સંવાદ રૂપે છે, અને એ સમયે શ્રી કૃષ્ણને અર્જુનને સમજાવતા માત્ર ૪૫ મિનિટ થઈ હતી, અને એ દિવસે રવિવારનો દિવસ હતો, તેમજ આશરે ઈસ. ૩૦૬૬ની સાલમાં આ ઘટના ઘટી હતી. દૂર બેઠેલા ધૃતરાષ્ટ્ર ને તેનો સારથી સંજય આંખે દેખ્યા અહેવાલ તરીકે શ્રી કૃષ્ણ અર્જુનને જે સમજાવી રહ્યા છે, એ વાત કહે છે.

ધુતરાષ્ટ્ર ૧ શ્લોક બોલે છે, ૪૭ શ્લોક સંજય બોલે છે, જ્યારે અર્જુન ૮૪ શ્લોક કૃષ્ણને પ્રશ્નાર્થ તરીકે અથવા યુદ્ધ ન કરવા વિશે, જ્યારે અર્જુન ને સમજાવવા શ્રીકૃષ્ણ ૫૬૮ શ્લોક કહે છે, જેમાં કર્મ યોગ,જ્ઞાન યોગ, અને ભક્તિ યોગનો સમાવેશ થાય છે. આમ જુઓ તો માત્ર ત્રણ પાત્ર વચ્ચેનો સંવાદ શ્રીમદ્ ગીતામાં રહેલો છે. જીવ રુપી અર્જુનને ઈશ્વર રૂપી શ્રી કૃષ્ણ બોધ આપી રહ્યા છે કે, જે જીવ જન્મ લઈને પૃથ્વી પર આવે છે, તેનું મૃત્યુ એક દિવસ નિશ્ચિત છે. તેની માટે મોહ, માયા, અને મમતા વશ તું આ ધર્મયુદ્ધ ને છોડી ન શકે. એટલે કે કૌરવો આ પૃથ્વી પર અસુર જેવો ત્રાસ ફેલાવી રહ્યા છે, ત્યારે તેમને માફ કરી અને તારા કર્તવ્યથી તું પીછેહઠ કરી ન શકે.જ્યારે ધર્મને કેન્દ્રમાં રાખીને જીવતા હોઈએ, ત્યારે મારું તારું ના સંબંધો તરફ દુર્લક્ષ સેવવું પડે,તારી આ લડાઈ જમીનના ટુકડા માટેની નથી. પરંતુ સત્ય અને અસત્ય વચ્ચેની છે, એમાં સત્યનો વિજય થાય એ બહુ જરૂરી છે, અને પૂરી પાંડવ સેનામાં તારી જેવો બીજો કોઈ ધનુર્ધર છે નહીં, જે કૌરવો ને હરાવી શકે. માટે હું તને કહું છું કે, તું શસ્ત્ર ઉપાડીને આ યુદ્ધ કર. અહીં સુધીની વાત કર્મ યોગના અધ્યાયમાં ભગવાને કરી છે. તેમાં કોઈ વાર અર્જુનના મોઢે સંવાદ છે, તો કોઈવાર સંજય ધુતરાષ્ટ્રને કહેતો હોય, એ રીતે સંવાદ મૂકાયો છે. પરંતુ કર્મ પ્રધાન ભૂમિકામાં નિષ્કામ રહીને જો કર્મ કરવામાં આવે, તો તેનું કર્મ ફળ જીવને ભોગવવું પડતું નથી,એ વાત મુખ્યત્વે અહીં કહેવામાં આવી છે. દરેકે દરેક જીવમાં આત્મા સ્વરૂપે હું વસું છું, અને આત્મા અમર છે. એટલે કે શરીરનું મૃત્યુ થાય છે, પણ આત્મા કાપવાથી કે બાળવાથી મરતો નથી. એ સત્ય સમજાવતાં કહે છે કે, જો કોઈપણ મોહ માયા કે મમતાથી તે આ કાર્ય ને નહીં કર્યું હોય, તો આ કર્મનો ભાર પણ તને નહીં લાગે.

અહીં તું ફક્ત તારુ કર્મ કર, તેના સારા-નરસાનો ભાર રાખીને જીવવાથી અથવા તો આમ કરીશું, તો મને પાપ થશે! કે પુણ્ય થશે! એવું વિચાર્યા વગર અસ્તિત્વ એ આ કર્મ માટે આપણને નિમિત માત્ર બનાવ્યા છે, એ વાત યાદ રાખી દરેક કર્મ કરીએ, તો કર્મનો ભાર રહેતો નથી, અને જશ કે અપજશના આપણે ભાગીદાર થતા નથી, એવો જ્ઞાનોપદેશ આ ભગવત ગીતામાં છુપાયેલો છે. કર્મ જ્ઞોગમાં કર્મ કરીને જીવને વિચારધારા આગળ વધારતાં ભગવાન જ્ઞાનનો ઉપદેશ આપે છે, અને કહે છે કે સંસારીનું જીવન મોટેભાગે એક ક્ષણ પણ ક્રિયા વગરનું રહેતું નથી,એવે સમયે આ હું કરું!! હું કરું!! અથવા મેં કહ્યું, કે મેં કર્યું, એવું ગાણું ગાઈએ નહીં. તો કોઈ પણ જાતના પાપ-પુણ્યના આપણે ભાગીદાર પણ થતા નથી. અને તેથી સ્વર્ગને નર્કની જે માન્યતાઓ છે, તેનો અહીં છેદ ઊડી જતો દેખાય છે. હજી પણ શ્રીકૃષ્ણને એવું લાગે છે કે અર્જુનની મતિ આ સત્ય સમજી શકી નથી, એટલે તે અર્જુનને કહે છે કે, જ્યારે જ્યારે આવું થાય, ત્યારે તે જીવ જો મારે શરણે આવે તો, એટલે કે પૂર્ણ શરણાગતિ સ્વીકારીને મારા શરણે આવનાર તમામ ભક્તોની સમસ્યાનો નિકાલ લાવવો તે મારી ફરજમાં આવે છે, માટે હજી તને જો કોઈ સંદેહ હોય, તો મારે શરણે ચાલ્યો આવ, અને આ બધું હું તને કહી રહ્યો છું, માટે તું કરે છે, એમ સમજીને કર, જેથી તને કોઈ સાચું ખોટું! કે સારું ખરાબ એવો ભાર લાગે નહીં.

પ્રકૃતિમાં વસતા દરેકે દરેક માં પોતે આત્મતત્વ રૂપે બિરાજમાન છે, અને અંતે તો આ પ્રકૃતિમાં ઘટતી દરેક ઘટના પોતાની ઈચ્છાને આધીન જ થઈ રહી છે. સાત હજાર વર્ષ પહેલાં તો કદાચ યુદ્ધના મેદાનમાં બહાર દુર્યોધન અને અન્ય કૌરવો રૂપી અનીતિ અને અસત્ય હતું, પરંતુ આજે તો એક જીવની અંદર જ દુર્યોધન અર્જુન અથવા તો કૌરવ-પાંડવના યુદ્ધ થાય છે પરિવારો વચ્ચે યુદ્ધ થતાં હતા એ વાત જૂની થઈ. પરંતુ ક્ષણે ક્ષણે ઉપદેશ દેવા માટે શ્રીકૃષ્ણ તો આવે નહીં! ત્યારે આપણે આ ગીતાનો સહારો લઈ અને એ વાતને યાદ કરી શકીએ, અને નીતિના પથ પર ચાલવું બહુ જ જરૂરી છે. જ્યારે જ્યારે માનવને પોતે કર્તવ્યથી વિમુખ થતો હોય, અને જીવનમાં પ્રમાદનુ મહત્વ વધતું જાય, અને બુદ્ધિ ભ્રમિત થઈ જાય, માનવી સારાસારનો વિવેક ખોઈ બેસે, ત્યારે આજે પણ ભગવત ગીતા પ્રકાશ પૂરો પાડે છે,કાયમ પ્રેરણા પહોંચાડે છે, સાચા માર્ગનું દર્શન કરાવે છે. કર્તવ્ય પાલન કરતાં,ન્યાય ને નેકીને માર્ગે ચાલતાં શીખવે છે, કે એમ કરતાં મરણને શરણ થવું પડે તો પણ ભલે! એ મરણ માનવંત કે કલ્યાણકારક છે; પરંતુ સ્વધર્મ , ફરજ કે કર્તવ્યનો ત્યાગ સદા ભયંકર છે, હાનિકારક છે,અમંગલ છે. ગીતાનો આ ઉપદેશ વ્યક્તિ તથા સમષ્ટિને નવું બળ પૂરું પાડે છે.આજે પણ એ સંદેશ એટલો જ અસરકારક છે. “સ્વધર્મે નિધનું શ્રેયઃ પરધર્મો ભયાવહ”, કર્તવ્ય કરતાં કરતાં ખપી જવું કલ્યાણકારક છે, એથી ઊલટું અકલ્યાણકારક છે.

# પૂર્વજન્મના સંસ્કાર અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે પરંતુ કર્મનું ફળ ક્યારે મળશે તે માત્ર કહી શકાય નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



જગતમાં સૌ પ્રત્યે સદ્ભાવ રાખો. તમારા આત્માને પ્રતિકૂળ લાગે તેવું વર્તન બીજા તરફ શકરો. તમે કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે. જેવો ધ્વનિ વો પ્રતિધ્વનિ! સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો.સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશે અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે. કર્મનું ફળ ઈશ્વરને અર્પણ કર્યું, પછી એ ફળનો માલિક ઈશ્વર થયો. ઈશ્વર કોઈનું ઋણ રાખતો ૦થી. એ સામું અનંતગણું કરીને વાળે છે. અનુભવ ન થાય એનો અર્થ એ નથી કે સિદ્ધાંત ખોટો પ. અનુભવ ન થાય તો માનજો, મારામાં, મારા કર્મમાં કાંઈક ખામી છે. પૂર્વજન્મના સંસ્કાર અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે. કર્મનું ફળ ક્યારે મળશે તે કહી શકાય નહીં. ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ ક્રાંતિ થાય જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિ માં રાખો છો,તેવી રીતે બુદ્ધિમાં ભગવાનને વખો તો જીવન કૃતાર્થ થાય. માલણ ટોપલી માં ફળ રાખતી, તેમ તમે તમારી બુદ્ધિની ટોપલીમાં પ્રભુને રાખો! બાલકૃષ્ણ પાંચ વર્ષના થયા છે.

બાલકૃષ્ણને વૃંદાવન જવાની ઈચ્છા છે. ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચન કર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે કહેવા જઈએ. અત્રેથી થોડે દૂર વૃંદાવન નામનું વન છે તે રહેવાને યોગ્ય છે. આ સૂચન સર્વને ગમ્યું. બાલકૃષ્ણ સાથે બધા વૃંદાવનમાં રહેવા આવ્યાં છે. વૃંદા એટલે ભક્તિ. વૃંદાવન એટલે ભક્તિનું વન. બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદાવનમાં લઈ જાઓ. એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ. બાળકને પાંચ વર્ષ પૂરાં ચયાં પછી લાડ કરશો નહીં. લાડનો સમય ગોકુળમાં પૂરો થયો. જે મા-બાપ બાળકને સારા સંસ્કાર ન આપે તે મા-બાપ બાળકના વેરી છે. જે મા- બાપ બાળકને ધર્મનું શિક્ષણ ન આપે.ભક્તિનું શિક્ષણ ન આપે તે મા-બાપને બાળકના દુશ્મન સમજવાં. બાળકનું હૃદય કોમળ હોય છે તેને જે બાજુ વાળશો, તે બાજુ વળશે. માટે બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપો તો જુવાનીમાં તે ભગડશે નહીં. એ સંસ્કાર એનું રક્ષણ કરશે.

શ્રીકૃષ્ણને ઉપનંદકાકા વનમાં લઈ જાય છે. જેને જ્ઞાની વયોવૃદ્ધ સંતોનો સંગ હોય તેને પતનની બીક રહેતી નથી. એકલો ચાલવા જાય તો પડવાની બીક રહે છે. કોઈનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે. ઈશ્વરનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે નહીં. વૃંદાવનમાં એકલા ન જવું. બીજાને પણ સત્કર્મમાં પ્રેરણા આપવી. માટે તો ગોપીઓ સાથે વૃંદાવનમાં ગયા છે. વૃંદાવનમાં ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓ જોઈ રામ-કૃષ્ણને ઘણો આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી ભગવાન વત્સપાલ થયા છે. બાળમિત્રો સાથે તેઓ વાછરડાં ચરાવે છે.યમુનાના કિનારે બાળકો સાથે અનેક પ્રકારની રમતો રમે છે. ભગવાન પહેલાં વત્સપાલ બને છે અને પછી ગોપાળ બને છે. પહેલાં વાછરડાં ચરાવે છે, પછી ગાયોને ચરાવે છે. કોઈ કોઈ વેળા ભગવાન બંસી બજાવે છે અને જુદા જુદા પ્રકારની રમતોથી ગોપબાળકોને આનંદ કરાવે છે. જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિ થી બોલાવે છે,પણ મોહક વિષયો માં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી.જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે. બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન-અંધશ્રદ્ધા. ભક્તિ માં આ બે વિઘ્નો આવે છે. બકાસુર એટલે બગલાસુર. બગલો એ દંભનું પ્રતીક છે, તેથી તો દંભી ને બગભગત કહે છે. દંભસમાન કોઈ પાપ નથી. બીજાં પાપ માટે પ્રાયશ્ચિત્ત છે, પણ દંભનું પ્રાયશ્ચિત્ત નથી. જેનો સ્વાંગ ઉપર થી સારો છે,પણ જેની કરણીમેલી છે તે બકાસુર.બગલાની ચાંચમાં લોભ છે. કીર્તિનો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ.


એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું ભક્તિના કિનારે પણ દંભ પેદા થઈ જાય છે, જેમ જમુનાજી ના કિનારે કિનારે બકાસુર દેખાય છે તેમ એક સમયે શ્રીહરિ ગોપ બાળકો સાથે વાછરડાંઓ ચરાવવા વનમાં ગયા. વનમાં તેઓ જાતજાતની રમતો રમવા લાગ્યા. આ ગોપબાળકોનું ભાગ્ય તો જુઓ જેનાં દર્શન યોગીઓને પણ દુર્લભ છે,તે પરબ્રહ્મની સાથે તેઓ રમી રહ્યા છે.તેવામાં અઘાસુર ત્યાં આવ્યો. અઘાસુરને કંસે મોકલ્યો હતો.બકાસુર અને પૂતનાનો તે નાનો ભાઈ હતો.

અઘ એટલે પાપ. જ્યાં અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ. એટલે અઘાસુર આવ્યો. અઘાસુર મોટા અજગરનું રૂપ લઈને આવ્યો અને સર્વ ગોપ બાળકોને ગળી જવાની ઈચ્છાથી મોં ફાડી માર્ગમાં સૂતો. અઘાસુર-અજગરના મુખને આ કોઈ પર્વત ની ગુફા છે એમ માની બાળકો તેમાં પ્રવેશ કરવા તૈયાર થયાં, પણ કનૈયો એમનો મુખી. એટલે બધા કહે, કનૈયા, તું આગળ થા! બાળકોને શ્રદ્ધા છે કે, અમારો કનૈયો સાથે હોય તો પછી અમને ક્યાંય જવાનો ડર નથી. શ્રીકૃષ્ણનાં મુખ સામે જોતાં, હસતાં અને તાળીઓ પાડતાંગોપબાળકોઅજગરનામુખમાંપેસીગયાં. ગોપ બાળકોને બચાવ વા ભગવાને પણ અઘાસુરના પેટ માં પ્રવેશ કર્યો. ગમે ત્યાં જાઓ ગમે તે કાર્ય કરો, પણ ભગવાનને કાયમ સાથે રાખજો. એને મુખી કરી આગળ કરશો તો તમારો જયજયકાર થશે. માટે પ્રભુને સાથે લઈને ફરો. પ્રભુને એટલે ઠાકોરજીની મૂર્તિને નહીં, પણ અંતરમાં ઠાકોરજીના સ્વરૂપને!અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકો તાળી પાડતાં ગયાં છે.

ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે. લૌકિક અને પરમત ભાષા ગૌણ છે. એટલે ભાગવતનો અર્થ જેને સમાધિનો અભ્યાસ છે તે સમજી શકશે.વિલાસીને ભાગવતનો અર્થ સમજવો મુશ્કેલ છે. તાળી એ નાદબ્રહ્મ છે. નાદ બ્રહ્મ અને નામબ્રહ્મ એક થાય, ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય. અંદર જઈને ભગવાને વિશાળ રૂપ ધારણ કર્યું એટલે અઘાસુરના પ્રાણ બ્રહ્મરંધ્રમાંથી બહાર નીકળ્યા અને બાળકો તેમજ વાછરડાંઓ બહાર આવ્યાં. અઘ એટલે પાપ.અઘાસુર એ પાપ નું સ્વરૂપ છે. પાપમાં-પાપ સાથે રમે છે તે અથાસુર.પાપ કરવામાં જે સુખ માને તે અઘાસુર. કેટલીક વખત જોવામાં આવે છે કે, પાપી સુખ ભોગવતો હોય છે, પણ આ તો તેના પૂર્વજન્મનાં કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું. બાકી પાપનું પરિણામ દુઃખ જ છે.

પાપ કરનારો કોઈ દિવસ સુખી થયો નથી અને સુખી થવાનો નથી. કોઈ પુણ્યશાળી જીવ દુઃખી દેખાય તો સમજવું કે, તે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે. પુણ્યનું પાપમાંથી છૂટવા માટે પ્રતિકૂળની સામે અનુકૂળતા ઊભી કરો! મનુષ્યને કોઈ કોઈ વખત હું પાપ કરી રહ્યો છું તેનું ભાન થાય છે પણ તે પાપને છોડી શકતો નથી. પાપના પંજામાંથી છૂટવું કઠણ છે. અતિશય પુણ્યનું જોર ન હોય ત્યાં સુધી પાપની આદત છૂટતી નથી. માટે જ્યાં સુધી ઈન્દ્રિયોને પાપ કરવાની આદત છે, ત્યાં સુધી તેને ભક્તિરસ મળશે નહીં. પાણીથી ભરેલા લોટામાં દૂધ ભરવું હશે તો પાણીને બહાર કાઢી નાખવું પડશે. મનમાં પાપનો વિચાર આવે તે જ ક્ષણે તેને કાપી નાખો. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો કે, પ્રભુ, મારા પાપની ક્ષમા કરો! અંતરથી રડશો તો પ્રભુ દયાળુ છે, દયા કરશે જ.પાપ મોં ફાડી સામે ઊભું છે. અઘાસુર અજગરરૂપે આવેલો. મનુષ્ય સાવચેત ન રહે તો પાપરૂપી અજગર તેને ગળી જય છે.એ ગળવા તૈયાર જ ઊભો છે. પાપ શરીરમાં પ્રવેશ કરશે,તો પછી એ તમને છોડશે નહીં.જેના મનમાં ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી. એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો. ભગવદ્ ગીતા જયંતિ ની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. ગુજરાત સરકારે ધોરણ.૦૬ થી ૧૨માં આવતા વર્ષથી અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતા જ્ઞાનનો અભ્યાસ ચાલુ થશે. આનંદના સમાચાર છે. બેરોજગારી બાબતે કોઈ નક્કર કામગીરી હાથ ધરવાની જરૂર છે.. અસ્તુ.

## થોડાક જ દિવસોમાં દૂર થઈ જશે આંખના નંબર



જે વ્યક્તિનું આંખોની દ્રષ્ટિ નબળી હોય અથવા તેઓને નજીક કે દૂરની વસ્તુઓ જોવામાં તકલીફ પડવાને કારણે ચશ્મા પહેરતા હોય તેવા લોકો માટે રામબાણ ઈલાજ મળી ગયો છે. તેમના માટે ભૃંગરાજના પાન અને કરેણના ફૂલ ખૂબ ઉપયોગી છે. ડિજિટલ ઉપકરણોના વધુ પડતા ઉપયોગના કારણે આપણી આંખો હંમેશા તણાવમાં રહે છે. આ સિવાય ડાયાબિટીસની આંખો પર પણ વિપરીત અસર થાય છે. પરિણામે આંખોનું તેજ ઘટવા લાગે છે, અંતે જીવનભર ચશ્મા પહેરવાની નોબત આવે છે. પરંતુ શું તમે જાણો છો કે આયુર્વેદમાં આ સમસ્યાનો સચોટ ઈલાજ છે. આજે અમે તમને એવી જ કેટલીક આયુર્વેદિક ઔષધિઓ વિશે જણાવીશું, જે તમારી આંખોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ સારી છે. આ દવાઓનો ઉપયોગ કરવાથી થોડા જ દિવસોમાં તમારી આંખોની રોશની સારી થવા લાગશે અને તમે ચશ્માથી મુક્ત થઈ જશો. જે પણ વ્યક્તિની દ્રષ્ટિ નબળી પડી ગઈ છે અને જે ચશ્મા પહેરે છે. તેઓ ભૃંગરાજના પાન અને કરેણના ફૂલોનો ઉપયોગ કરીને થોડા દિવસોમાં આ સમસ્યામાંથી છુટકારો મેળવી શકે છે. આ માટે ભૃંગરાજના બે-ત્રણ પાનનો રસ નીચોવીને સવાર-સાંજ આંખોના નીચેના ભાગમાં લગાવવો. અથવા તમે ભૃંગરાજના પાનનો રસ નિચોવીને એક બોટલમાં ભરીને દરરોજ સવાર-સાંજ ટીપા તરીકે ઉપયોગ કરી શકો છો. જો કે, અહીં સમજવા જેવી વાત એ છે કે, ભૃંગરાજના પાંદડાની સાથે પીળા રંગના કરેણના ફૂલોનો ઉપયોગ કરતી વખતે તમારે વધુ સાવધાની રાખવી પડશે. તેમાંથી કાઢવામાં આવેલ રસ આંખોમાં પ્રવેશવો જોઈએ નહીં.

## ઠંડીમાં હાથ-પગ અને મોં પરની સ્કિન ફાટી જાય છે? તો આ વસ્તુ લગાવો, માખણ જેવી સુંવાળી થઇ જશે

ઠંડીમાં સ્કિનની કેર વધારે કરવી પડે છે. સ્કિનની કેર તમે પ્રોપર રીતે કરતા નથી તો ખંજવાળ જેવી અનેક સમસ્યા થાય છે. આમ, તમે કેટલીક ઘરેલુ વસ્તુઓથી સ્કિનને મસ્ત સોફ્ટ કરી શકો છો. ઠંડીમાં સ્કિનની કેર વધારે કરવી પડે છે. ઠંડીના ચમકારાની અસર સ્કિન પર વધારે થાય છે. ઠંડીમાં સ્કિન ફાટી જાય છે અને ડ્રાય થઈ જાય છે. સ્કિન ડ્રાય થઈ જવાને કારણે એની કેર વધારે કરવી પડે છે. સ્કિન ફાટી જાય એટલે લોકો જાતજાતની ક્રીમ અને પ્રોડક્ટ્સનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ તમે એના કરતા નેચરલી વસ્તુઓનો ઉપયોગ કરો છો તો સ્કિન મસ્ત થઈ જાય છે. તો જાણો આ ઘરેલું ઉપાયો વિશે.

તમારી સ્કિન ઠંડીમાં ફાટી જાય છે તો તમે બદામના તેલથી માલિશ કરો. બદામનું તેલ અનેક ગુણોથી ભરપૂર હોય છે. બદામના તેલથી તમે દરરોજ શિયાળામાં માલિશ કરો છો તો સ્કિન ફાટશે નહીં અને માખણ જેવી સુંવાળી રહેશે. બદામનું તેલ તમને સરળતાથી બજારમાં મળી રહે છે. દૂધની મલાઈ તમારી સ્કિનને અંદરથી સોફ્ટ કરવાનું કામ કરે છે. દૂધની મલાઈ તમારે તાજી લેવાની રહેશે. તમે જે મલાઈ સ્ટોર કરો છો એ તમારે લેવાની નથી. હંમેશા ફ્રેશ મલાઈ લેવાનું રાખો. દૂધની મલાઈ અનેક ગુણોથી ભરપૂર હોય છે. મલાઈમાં રહેલા ગુણો તમારી સ્કિનને અંદરથી ડિપ ક્લિન કરીને ટાઈટ કરવાનું કામ કરે છે.



આ સાથે મલાઈ તમારી સ્કિનને કોમળ કરવાનું કામ કરે છે. હળદરથી તમે સ્કિનને મસ્ત સોફ્ટ કરી શકો છો. હળદરમાં એન્ટી સેફ્ટીક અને એન્ટી બાયોટિક ગુણ હોય છે જે તમારી સ્કિન માટે અનેક રીતે ગુણકારી છે. આ માટે એક ચમચી હળદર લો અને એમાં બે ચમચી એલોવેરા જેલ મિક્સ કરીને સ્કિન પર લગાવો. ત્યારબાદ ૧૦ મિનિટ પછી પાણીથી ધોઈ લો. હળદર અને એલોવેરા જેલ સ્કિન માટે બેસ્ટ છે. એલોવેરા જેલથી સ્કિન મસ્ત થઈ જાય છે. એલોવેરા જેલ તમને સરળતાથી બજારમાં અને ઘરે પણ મળી જાય છે. એલોવેરા જેલ અનેક ગુણોથી ભરપૂર હોય છે જે સ્કિનને નેચરલી રીતે સોફ્ટ કરવાનું કામ કરે છે. એલોવેરા જેલ તમે દિવસમાં બે વાર પણ લગાવી શકો છો. ઠંડી વધતાં સ્કીન ફાટી જવાની સમસ્યા વધી રહી છે...જેમાં સૌથી વધુ હાથની ચામડી ડ્રાય થઈ જાય છે... જેથી સૌથી વધુ સમસ્યાનો સામનો કરવો પડે છે.

આવી સ્થિતિમાં તમારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. જો તમે આ ચાર બાબતોનું ધ્યાન રાખશો તો તમારી ત્વચા ફાટશે નહીં. ચહેરા અને હાથની ત્વચાને કોમળ રાખવા માટે તમે મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો છો. પરંતુ આ સિવાય તમે શિયાળામાં હાથની ડ્રાયનેસ કેવી રીતે દૂર કરશો..તે અમે તમને જણાવીશું.. શિયાળામાં ઠંડા પાણીનો વારંવાર ઉપયોગ કરવાથી હાથની ત્વચા ફાટી જાય છે. આ સિવાય તમારે એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે તમારે વધારે ગરમ પાણીનો પણ ઉપયોગ ન કરવો જોઈએ.

આ પ્રકારનું પાણી ત્વચાની ભેજ ઘટાડે છે. તમારા હાથને નવશેકા પાણીથી ધોઈ લો અને પછી તમારા હાથને નરમ ટુવાલથી લૂછી લો. જો કે હવે ઠંડીથી થોડી રાહત મળી છે, પરંતુ તેમ છતાં તમારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. ઉદાહરણ તરીકે, હાથ ધોતી વખતે તમારા હાથમાં વીંટી અથવા અન્ય કોઈપણ વસ્તુઓ ન પહેરો. આ સિઝનમાં જ્યારે પણ તમે બહાર જાવ ત્યારે તમારે મોજાનો ઉપયોગ અવશ્ય કરવો. જો તમે આ બાબતોનું ધ્યાન રાખશો તો તમારી ત્વચા નહીં ફાટે.. ઘણા લોકોને એવી આદત હોય છે કે તેઓ વારંવાર હાથ ધોતા હોય છે. શિયાળામાં તમારે બિનજરૂરી રીતે હાથ ધોવાનું ટાળવું જોઈએ. સાથે સાબુનો કાળજીપૂર્વક ઉપયોગ કરો.

## વૃદ્ધો અને બાળકોએ ખાસ રાખવું ધ્યાન, ઠંડીમાં ફેલાઈ રહ્યો છે રોગચાળો



હાલ સમગ્ર ભારતમાં કડકડતી ઠંડી પડી રહી છે. જો યોગ્ય કાળજી ન રાખવામાં આવે, શિયાળાની ઋતુમાં વૃદ્ધો અને બાળકોને અનેક સમસ્યાઓ થઈ શકે છે. હાલ રોગચાળો ફેલાઈ રહ્યો છે. સમગ્ર ભારતમાં હાલ ઠંડીનું જોર વધી રહ્યું છે. હવામાનમાં પલટો થવાના કારણે અને શુષ્ક ઠંડીના પ્રકોપના કારણે શરદી-ખાંસી અને કફ જેવી તકલીફ લોકોને થઈ રહી છે, શિયાળામાં થતી આ વાઈરલ સમસ્યા ઘણી સામાન્ય છે. હજી પણ ઠંડીમાં વધારો થશે., જેથી જનજીવન ઉપર માઠી અસર પ ડશે. ઠંડી વધવાને સાથે લોકોમાં બીમાર થવાની શક્યાતાઓમાં પણ વધારો થશે. આથી વૃદ્ધો અને બાળકોને ખાસ કાળજી લેવાની જરૂર છે. કારણકે આવા લોકોની રોગ પ્રતિકારક શક્તિ ખૂબ જ ઓછી હોય છે. શિયાળાની ઠંડીમાં રોગચાળાનું પ્રમાણ વધ્યું છે. હાલ સમગ્ર ભારતના દવાખાનાઓમાં શ્વસનતંત્રને લગતી સમસ્યાના દર્દીઓ, ઉધરસના દર્દીઓ, શરદીના દર્દીઓ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત, લોકોમાં આંખનો દુખાવો, માથાનો દુખાવો, હાઈ બ્લડપ્રેશર, માનસિક રોગ અને નસો જકડાઈ જવાની સમસ્યા થઈ રહી છે. ઠંડી વધવાની સાથે કેટલીક બીમારીઓ વધી જાય છે. જેમ કે, બ્લડ પ્રેશરના દર્દીઓ કે હાર્ટ પેન્શનની સમસ્યાઓમાં વધારો થાય છે. આ સાથે જે વાઈરલ ચેપના કિસ્સા પણ વધી જતા હોય છે. શરદીમાં સુરક્ષિત રહેવા માટે આ ઉપાય અપનાવવા જેવા છે. એવું જાણવા મળ્યું છે કે રોગચાળામાં ચેપ પ્રાપ્ત કરવાનો અતિશય ભય એ કેન્સરના દર્દીઓના નિદાન અને સારવાર માટે આરોગ્યસંભાળમાં વિલંબ કરવા માટેનું એક સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે. જો કે, સારવારના દિવસો સિવાય ઘરની અંદર રહેવું, યોગ્ય રીતે ઉપયોગમાં લેવાતા ચહેરાના માસ્ક, હાથની સ્વચ્છતા અને ખાસ કરીને જ્યારે સારવાર માટે ઘરની બહાર જતા હોય ત્યારે સામાજિક અંતર સાથે યોગ્ય સાવચેતી રાખવાથી કેન્સરના દર્દીઓમાં થતા મોટાભાગના ચેપને અટકાવી શકાય છે. કેન્સરના દર્દીઓને રોગચાળા દરમિયાન કીમોથેરાપીની જરૂર પડે છે. પાણીજન્ય રોગચાળામાં ઝાડા ઉલ્ટી, કમળા અને ટાઈફોઈડ ઉપરાંત ખુબ જ ગંભીર ગણાતા કોલેરાના પણ ૩ કેસ સામે આવ્યા છે. કોલેરાના જે ત્રણ કેસ સામે આવ્યા છે તે તમામ પુર્વ વિસ્તારમાં છે. જેમાં એક કેસ બહેરામપુરા વોર્ડમાં, એક કેસ અમરાઈવાડી વોર્ડમાં અને એક કેસ લાંભા વોર્ડમાં નોંધાયો છે.

## આ એક ભૂલના કારણે આંખોની નીચે થઈ જાય છે કાળા કુંડાળા

સામાન્ય રીતે આંખોની નીચે ડાર્ક સર્કલ થવું થાક અને ઊંઘની કમીનું કારણ માનવામાં આવે છે. ખરેખર, સખત મહેનત કર્યા પછી, રાત્રે પૂરતી ઊંઘ ન લેવાથી ચહેરા પર થાક આવે છે. આ થાકને કારણે ચહેરા પર નાની નસો કાળી થવા લાગે છે અને આંખોની નીચે પર્પલ બ્લૂ સર્કલ દેખાવા લાગે છે. શરીરમાં આયર્નની ઉણપથી પણ ડાર્ક સર્કલ થવા લાગે છે. જોકે, એનીમિયાનું આ પહેલું લક્ષણ માનવામાં આવે છે. આયર્નની કમીથી શરીરમાં ઓક્સિજનની કમી થવા લાગે છે. જેનાથી ડાર્ક સર્કલ્સ અને કરચલી વધવા લાગે છે. જોકે, આંખોની નીચે ડાર્ક સર્કલ ઘણાં લોકોની હેલ્થ કંડિશન અથવા ન્યૂટ્રિશનની કમીના કારણે ફણ થઈ શકે છે. તેથી આ પરેશાનીથી છુટકારો મેળવવા માટે બેલેન્સ ડાયેટ લેવું ખૂબ જ જરુરી છે. ઘણીવાર યુવી કિરણો પણ ડાર્ક સર્કલનું કારણ બની જાય છે. કારણ કે, જ્યારે તમે લાંબા સમય સુધી તડકામાં રહો



છો, ત્યારે ત્વચા પર પિગમેન્ટેશન થાય છે. ધીમે-ધીમે તે આંખોની આસપાસ ડાર્ક સર્કલના આકારમાં દેખાવા લાગે છે. હકીકતમાં, આંખોની આસપાસ મેલાનિન ઘણું હોય છે અને તે ટેનિંગનું કારણ બને છે. આ સિવાય હોર્મોનલ ચેન્જના કારણે પણ ડાર્ક સર્કલની સમસ્યા થઈ શકે છે. આ સ્થિતિમાં, વાદળી અને ડાર્ક બ્રાઉન રંગના ડાર્ક સર્કલ જોવા મળે છે. ઘણીવાર આંખોમાં ધૂળ અથવા કોઈપણ પ્રકારની એલર્જીના કારણે પણ ડાર્ક સર્કલ થઈ શકે છે. હકીકતમાં, આંખોમાં વારંવાર ખંજવાળને કારણે, આપણે આંખોની નીચેની ત્વચાને પણ નુકસાન પહોંચાડીએ છીએ. બાળકોમાં ડાર્ક સર્કલ થવાનું આ સૌથી મોટું કારણ છે. જો કે, કેટલીકવાર આંખની નીચે ડાર્ક સર્કલની સમસ્યા જીનેટીક્સ અથવા ઉંમર વધવાના કારણે પણ થાય છે. આજની ભાગદોડવાળી જિંદગીના કારણે પણ શરીરમાં ન્યૂટ્રિશનની કમી થવા લાગે છે. એવામાં જ્યારે શરીરમાં ન્યૂટ્રિશનની ઉણપ જેવી કે, આયર્ન, વિટામીન A, C, K અને E વગેરેની કમી થઈ જાય તો આંખોની નીચે ડાર્ક સર્કલ થઈ શકે છે. તેથી, જો તમને આ પ્રકારની તકલીફ છે તો તમે ડૉક્ટરની સલાહ પર સપ્લીમેન્ટ લઈ શકો છો.

BOLLYWOOD NEWS FLASH


### નીતુ કપૂર અને ઋષિ કપૂરના લગ્ન ૨૩ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ થયા હતા, હાલ જે કાર્ડ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે

બોલિવૂડના એવા ઘણા કપલ છે, જેમની કેમિસ્ટ્રી અને લવ સ્ટોરી લોકોને આજે પણ પસંદ છે. આવા કપલમાં અમિતાભ બચ્ચન-જયા બચ્ચન, દિલીપ-સાયરા બાનુ, ધર્મેન્દ્ર-હેમા માલિની અને ઋષિ કપૂર અને નીતુ કપૂરનો સમાવેશ થાય છે, જેમની લવ સ્ટોરી લગ્ન સુધી અને લગ્ન પછી પણ લોકોને સાંભળી ગમે છે. જણાવી દઈએ કે, ૨૩ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ બોલિવૂડના અને કપૂર પરિવારના સૌથી રોમેન્ટિક કપલના લગ્ન થયા હતા. ત્યારે હવે ૪૩ વર્ષ બાદ ફરી એકવાર તેમના લગ્નનું કાર્ડ વાયરલ થઈ રહ્યું છે. બોલીવુડમાં ચિન્ટુ જી તરીકે ઓળખાતા એક્ટર ઋષિ કપૂર હવે આપણી વચ્ચે નથી રહ્યા પરંતુ આજે પણ લોકો તેમના ફિલ્મી કિસ્સા અને નીતુ સિંહ સાથેના તેમના અફેર અંગે વાંચવાનું સાંભળવાનું પસંદ કરે છે. ઋષિ કપૂર અને નીતુના લગ્ન પછી દિગ્ગજ અભિનેતા અને ફિલ્મ ડિરેક્ટર રાજ કપૂરે આર કે સ્ટુડિયોમાં બોલિવૂડ સેલેબ્સ માટે એક પાર્ટીનું આયોજન કર્યું હતું. આ પાર્ટી માટે એક શાનદાર કાર્ડ છપાવ્યું હતું, જે ૪૩ વર્ષ પછી ફરી વાયરલ થઈ રહ્યું છે. નીતુ અને ઋષિ કપૂરના લગ્ન ૨૩ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ થયા હતા. હાલ જે કાર્ડ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે, તે બંનેના લગ્નનું રિસેપ્શન કાર્ડ છે. કાર્ડમાં જણાવ્યા મુજબ, આ રિસેપ્શનનું વેન્યુ આરકે સ્ટુડિયો હતું. લગ્ન બાદ યોજાયેલા આ રિસેપ્શનમાં બોલિવૂડની અનેક હસ્તીઓએ હાજરી આપી હતી. લગ્નના રિસેપ્શનમાં આમંત્રિત કરવા માટે છપાયેલું આ કાર્ડ એકદમ સાદું સિમ્પલ છે, પરંતુ તેના પર લખેલા નામ ખૂબ જ ખાસ છે. કાર્ડના ટોપ પર આર.કે. સ્ટુડિયોના લોગો અને આમંત્રિતોમાં પૃથ્વીરાજ કપૂર, રાજ કપૂર, શમ્મી કપૂર, શશી કપૂર, પ્રેમનાથ અને રણધીર કપૂરના નામો છે. આ તે સમય હતો, જ્યારે ભારતીય સિનેમામાં કપૂર પરિવારનો દબદબો હતો અને દરેક વ્યક્તિ આ ખાસ પ્રસંગનો ભાગ બનવા માંગતા હતા. ઋષિ અને નીતૂ કપૂરનું વેડિંગ રિસેપ્શન કાર્ડ વાયરલ થતાની સાથે જ યુઝર્સ તેના પર ફની કમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે કમેન્ટ કરતાં લખ્યું કે આ કાર્ડમાં કરિશ્મા અને કરીના કપૂર તરફથી કોઈ રિક્વેસ્ટ કેમ નથી કે, 'મારા કાકાના લગ્નમાં જલુલ-જલુલથી આવજો. જણાવી દઈએ કે, લગ્ન બાદ નીતુએ પોતાના પરિવાર માટે પોતાનું કરિયર છોડી દીધું હતું, બંનેએ ઘણા ઉતાર-ચઢાવ જોયા, પરંતુ હાર ન માની. કહેવાય છે કે બંને એકબીજા વગર રહી શકતા ન હતા. વિદેશમાં સારવાર દરમિયાન અને અંતિમ દિવસો સુધી નીતુ ઋષિ કપૂરની તાકાત બની રહી હતી.

## ઋષિ અને નીતુ કપૂરનું રિસેપ્શન કાર્ડ વાયરલ







MR. & MRS. RAJ KAPOOR
request the pleasure of your company on the auspicious occasion of the marriage reception of their son
RISHI
( Grandson of Late Mr. & Mrs. Prithviraj Kapoor )
WITH
NEETU
( Daughter of Mrs. Rajee Singh )
on Wednesday the 23rd January 1980
Between 6-30 p.m. and 9-00 p.m.
at R. K. Studios,
Chembur, Bombay-400071.

With Best Compliments From :

Mr. & Mrs. Shammi Kapoor
Mr. & Mrs. Shashi Kapoor
Mr. & Mrs. Charul Sial
Mr. & Mrs. Randhir Kapoor
Mr. & Mrs. Rajan Nanda
Mr. & Mrs. Prem Nath
Mrs. Kartar Nath


R. S. V. P.
R. K. FILMS & STUDIOS, CHEMBUR, BOMBAY-400071.
Tel. No. 521234 ● Cable: FOOTPRINTS, Chembur, Bombay-71.

## તેજસ્વી પ્રકાશે થાઈ હાઈ સ્લીટ ડ્રેસમાં બતાવી હોટનેસ



### તેજસ્વી પ્રકાશની મુલાકાત બિગ બોસ ૧૫ દરમિયાન કરણ કુન્દ્રા સાથે થઈ હતી અને તેમની લવ સ્ટોરી અહીંથી શરૂ થઈ હતી

તેજસ્વી પ્રકાશે ટીવી ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું છે અને તમને જણાવી દઈએ કે નાગિન સિરિયલના કારણે તે આ દિવસોમાં ઘણી ચર્ચામાં આવી ગઈ છે. તેજસ્વી પ્રકાશે હાલમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ખૂબ જ હોટ તસવીરો શેર કરી છે અને તમને જણાવી દઈએ કે તેણે બ્લેક કલરનો થાઈ હાઈ સ્લિટ ડ્રેસ પહેર્યો છે. આ દિવસોમાં તેજસ્વી પ્રકાશ તેની બોલ્ડનેસને કારણે ચર્ચામાં છે અને તમને જણાવી દઈએ કે તે સોશિયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ જોવા મળે છે. તે અવારનવાર તેના સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સ સાથે હોટ તસવીરો શેર કરતી જોવા મળે છે. તેજસ્વી પ્રકાશની મુલાકાત બિગ બોસ ૧૫ દરમિયાન કરણ કુન્દ્રા સાથે થઈ હતી અને તેમની લવ સ્ટોરી અહીંથી શરૂ થઈ હતી હવે ચાહકો તેમના લગ્નની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને તમને જણાવી દઈએ કે તેઓ અવારનવાર પોતાનો પ્રેમ વ્યક્ત કરતા જોવા મળે છે. ખરેખર, તમને જણાવી દઈએ કે તેજસ્વી પ્રકાશે બિગ બોસ ૧૫માં ભાગ લીધો હતો અને તેની વિજેતા પણ બની હતી. આટલું જ નહીં, તમને જણાવી દઈએ કે આ પછી તેને નાગિન સિરિયલની ઓફર થઈ અને તે લાઈમલાઈટમાં આવી.



## ટીવીની સંસ્કારી વહુ હિનાનો જોવા મળ્યો બોલ્ડ અંદાજ



હિના ખાનને સામાન્ય રીતે મોટાભાગના લોકો જાણતા હોય છે. હિના ખાનની સ્ટાઈલ આજે પણ લોકોને ખૂબ પસંદ પડે છે. ટીવી પછી બોલિવૂડમાં પગ મુકનાર હિના ખાનનો સ્ટાઈલ અંદાજ સામાન્ય રીતે લાઈમલાઈટમાં છવાયેલો રહેતો હોય છે. આ વખતે હિના ખાને ગ્લેમરસથી ફેન્સને ઘાયલ કરી દીધા છે. હિના ખાને ફેમસ પ્રોડ્યુસરની બર્થ ડે પાર્ટીમાં હાજરી આપી હતી. આ બર્થ ડે પાર્ટીમાં હિના ખાને પર્પલ કલરનો સીકેન ડ્રેસ પહેરીને પહોંચી હતી. જો કે આ ડ્રેસે બધાનું ધ્યાન ખેંચ્યુ હતુ. હિના ખાને પોતાની અદા બદલી દીધી છે. આમ વાત કરવામાં આવે તો હિના ખાનની આ તસવીરો હાલમાં ખૂબ વાયરલ થઈ રહી છે. આ તસવીરો પર ફેન્સ ફિદા થઈ ગયા છે. હિના ખાનની આ તસવીરો પર યુઝર્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. ઓફ શોલ્ડર ડ્રેસની સાથે હિના ખાને ખુલ્લા વાળ રાખ્યા હતા. વાળમાં વચ્ચેથી પાર્ટીશન પાડીને વેવી લુકમાં હેર ઓપન રાખ્યા હતા. જો કે હિના ખાન આ લુકમાં હોટ લાગી રહી હતી. હિના ખાને પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે માત્ર કાનમાં સિલ્વર સ્ટોન ઈયરિંગ્સ કેરી કરી હતી. આ સાથે હિના ખાને આંખમાં કાજલ લગાવીને શિમરી મેકઅપની સાથે લાઈટ શેડની લિપસ્ટિક કરી હતી. હિના ખાનનો આ મેક અપ એના લુકમાં ચાર ચાંદ લગાવવાનું કામ કરે છે. હિના ખાનની લિપસ્ટિકનો કલર દરેક છોકરીઓને એક નજરે ગમી જાય એવો છે. હિના ખાને ગ્લેમરસ લુક માટે સિલ્વર હિલ્સની સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે.

# સ્વ.શ્રી બાપુલાલજીની પુણ્યસ્મૃતિ નિમિતે અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું કાર્યક્રમ યોજાયું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં માર્કેટ યાર્ડમાં આવેલી વસંત મસાલા પ્રાઈવેટ લિમિટેડમાં સ્વ. શ્રી બાપુલાલજીની પુણસસ્મૃતિ નિમિતે અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું કાર્યક્રમ યોજાયું હતું.

રકતદાન કરવું તે સારું કાર્ય છે અને તે આપડ માટે પણ અને બીજાને પણ મદદરૂપ લાગે છે. માનવતાની મહેક છે અને મહાદાન કેહવાય છે અને સાથે એક મનુષ્યની નાતે એક કર્તવ્ય કેહવાય છે અને તે પુરી નિષ્ઠાપૂર્વક દાન આપવું તે એક સારુ કાર્ય છે. આમ આજ રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ શહેરમાં માર્કેટ યાર્ડમાં સ્વ. શ્રી બાપુલાલજીની પુણસસ્મૃતિ નિમિતે આવેલી વસંત મસાલા પ્રાઈવેટ



લિમિટેડ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું કાર્યક્રમ યોજાયું હતું તેમાં સારી સંખ્યામાં માણસો હાજર રહ્યા હતાં અને કંપનીના એમ્પ્લોઈઝ અને ગ્રામજનો દ્વારા પણ સારો સાથ સહકાર મળ્યો હતો અને તેમને બ્લડ ડોનેટનું પ્રમાણ પત્ર અને કાર્ડ આપવામાં આવ્યું હતું.

# ગણદેવી ખાતે પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ બજારનો શુભારંભ



। સુરત, તા.૨૩ ।

ગણદેવી તાલુકાના ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ઉત્પાદિત આરોગ્યપ્રદ ફળો, શાકભાજી અને વિવિધ ખેત પેદાશો ખાવા મળે અને પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને બજાર મળી રહે તે હેતુસર આજે ગણદેવી ચાર રસ્તા, તાલુકા પંચાયત કચેરી, ગણદેવી પાસે ખેતીવાડી, બાગાયત અને આત્મા વિભાગના સહયોગથી પ્રાકૃતિક ખેત પેદાશો માટે વેચાણ બજારનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તાલુકાનાં પ્રાકૃતિક ખેતી કરતાં કુલ ૧૪ ખેડૂતો પોતાની ખેત પેદાશો સાથે હાજર રહ્યા હતા. પ્રથમ દિવસે ૯૫ કિલોગ્રામ શાકભાજી અને ફળો, ૨૦ કિલોગ્રામ પ્રાકૃતિક ગોળ અને પ્રાકૃતિક અનાજ તથા કઠોળનું વેચાણ થયું હતું.

આ વેચાણ બજાર દર શુક્રવારે ગણદેવી ચાર રસ્તા, તાલુકા પંચાયત કચેરી, ગણદેવી પાસે આયોજન થશે. ખાધ સંબંધિત વિવિધ સમસ્યાઓના મુખ્ય કારણ પૈકી રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓથી મુક્ત અને સંપૂર્ણરીતે પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ઉત્પાદિત શાકભાજી, ફળો, વિવિધ અનાજ-કઠોળ તેમજ પ્રાકૃતિક ગોળ વગેરે મળી રહેશે. આ અવસરે કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ, શ્રી પરિમલભાઈ પટેલે આ નવી પહેલને વધાવી તથા વેચાણ બજારનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી.

# આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે રૂ.૩.૧૧ કરોડના ખર્ચે માંડવી તાલુકાના વિવિધ ગામોના છ વિકાસકામોનું ખાતમુહૂર્ત

## માંડવીના દરેક ગામોનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કરી રમણીય બનાવવાનો સંકલ્પ

। સુરત, તા.૨૩ ।

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના વિવિધ ગામોમાં વિવિધ યોજના અંતર્ગત મંજૂર થયેલા રૂ.૩.૧૧ કરોડના છ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાં રૂ.૮૦ લાખના ખર્ચે વરજાખણ બસ સ્ટેશનથી ડુંગરી ફળિયાને જોડતા રસ્તા બનાવવાનું કામ, રૂ.૧૭ લાખના ખર્ચે પુના ગામમાં પંચાયત ઘર, રૂ.૧૭ લાખના ખર્ચે કોસાડી ગ્રામ પંચાયત ઘર, રૂ.૧૭ લાખના ખર્ચે નિર્મિત ઉનગામમાં પંચાયત ઘર, રૂ.૬૦ લાખના ખર્ચે ગોદાવાડી ગામે બસ સ્ટેશનથી કોસાડી જતા રસ્તાનું કામ, રૂ.૧૨૦ લાખના ખર્ચે ગોડસંબાથી ગોદાવાડી દેવ ફળિયા પ્રા.શાળાને જોડતા રસ્તાનું કામ મળી કુલ રૂ.૩.૧૧ કરોડના છ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ કામો દ્વારા માંડવીના નગરજનો માટે આગવી માળખાગત સુવિધાઓ ઉભી થનાર છે.

આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડવીના દરેક ગામોનો સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કરી રમણીય બનાવવાનો સંકલ્પ કર્યો છે, જેથી નાના મોટા વિકાસના કામોની સમીક્ષા કરી મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત મુકી રહ્યો છું. રાજ્ય સરકાર નાનમાં નાના વ્યક્તિનો વિચાર કરીને એ દિશામાં કામ કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છે.



રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું

રાજ્ય સરકાર દ્વારા શ્રેણીબદ્ધ વિકાસકામો થઈ રહ્યાં હોવાનું જણાવતાં મંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓ અને ગામના સરપંચ અને પંચાયતના સભ્યોને લોકોના સતત સંપર્કમાં રહી તેમની લાગણીઓ અને માંગણીઓ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા સાથે વધુમાં વધુ વિકાસકામો સમયબદ્ધ રીતે પૂર્ણ કરવાં અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રોહિતભાઈ, માંડવી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી દિલીપભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત સુરતના સભ્યશ્રી અનિલભાઈ ચૌધરી, માંડવી પ્રાંત અધિકારીશ્રી કૌશિકભાઈ જાદવ, માંડવી તાલુકા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્રસિંહ સોલંકી, માંડવી મામલતદાર મનીષભાઈ પટેલ, ગોદાવાડી ગામના સરપંચશ્રી સ્વાતિબેન પટેલ, તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી જિલ્લામાં વિદેશથી આવનાર પક્ષીઓની ગણતરી હાથ ધરાઇ



। નવસારી, તા.૨૩ ।


દર વર્ષે વિદેશથી પક્ષીઓ ભારત માં આવી ને વસે છે. નવસારી સહિત પુરા રાજ્ય ના જળપલ્લવિત વિસ્તારમાં વન વિભાગ દ્વારા પક્ષી ગણતરીનું આયોજન કરાયેલું છે. જેને બે તબક્કામાં આયોજન કરવામાં આવ્યું છે. નવસારીમાં કુલ ૧૨ જેટલા વિસ્તાર ઓળખ કરી જેતે વિસ્તાર ની અંદર પ્રથમ તબકકાની પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી.

જે અંતર્ગત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તથા કોલેજ ઓફ ફોરેસ્ટ્રીના વિદ્યાર્થી અને NGO દ્વારા મળી ને કુલ ૧૩૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો જેમાં કુલ ૧૬૬ જેટલી પક્ષીની પ્રજાતિ તથા આશરે ૮૦૦૦ આસપાસ પક્ષી જોવા મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે નવસારી જિલ્લા નાયબ વન સંરક્ષક શ્રી ભાવના દેસાઈ દ્વારા પોઈન્ટ પર વિઝિટ કરી ગણતરીકારો નો ઉત્સાહ વધાર્યો હતો.



પક્ષી ગણતરી દરિમયાન એક સાથે ૧૬ જેટલા સારસ ક્રેન જોવા મળ્યા જે નોંધનીય બાબત છે. પ્રથમ તબક્કા હાઈલાઈટેડ પક્ષીઓ અંદર કાળો શાહીન (Peregrine falcon) -Fastest bird, ૧૫ જેટલા saras crane, રાખોડી કારચીયા- (Common pochard), બાહ્મણી બતક (Ruddy shelduck), સળીપુંછ ગારાખોદ (Pintail Snipe), પરદેશી સંસાગર (Booted Eagle), ગુલાબી ચકલી (Common Rosefinch) સમાવેશ થયો હતો.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે ગીતા જયંતિ- રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ બાળકો, અપંગ બાળકો અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ તાલીમ વર્ગ ખાતે તાલીમ વર્ગના વિદ્યાર્થીઓને જીવનમા આધ્યાત્મિકતાનું મહત્વ સમજાવ્યું હતું. જીવન જીવવાની રીત અને જેવું કર્મ કરીએ તેવું ફળ મળે અને જીવનમાં કર્મના સિદ્ધાંતો વિશે માહિતગાર કર્યા હતા. સાથે ભારતના મહાન ગણિત શાસ્ત્રી શ્રી રામાનુજન ના જીવન ચરિત્ર વિશે બાળકોને માહિતગાર કર્યા હતા. ગણિતના કોયડાઓ અને ગણિતની કવીઝનું આયોજન કર્યું હતું. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે મોરા સેન્ટરના સંચાલક શ્રી અશ્વિનભાઈ સંગાડા સાહેબ, સુખસર સેન્ટરના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા માંગરોળ તાલુકાના માંડલ ઉમલા ગામના ગ્રામવાસીઓ

। સુરત, તા.૨૩ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફલેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના માંગરોળ તાલુકાના માંડલ ઉમલા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની પોષણ અભિયાન, પીએમ કિસાન સમ્માન નિધી યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજના, તેમજ આઇ.સી.ડી. એસ માંથી મળતી તમામ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આ



અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પોષણ અભિયાન, પી.એમ. જે.વાય યોજના, સખી મંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગ, આઈસીડીએસ વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. તેમજ આંગણવાડી દ્વારા વિવિધ વાનગીઓનો નિદર્શન કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રીય ખેડૂત દિવસે ડાંગ જિલ્લાની કૃષિ, કૃષક, અને કૃષિ વિષયક જાણકારી ઉપર એક નજર

। સુરત, તા.૨૩ ।

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી ચરણસિંહ ચૌધરીની જન્મજયંતિની યાદમાં સમગ્ર દેશમાં તા.૨૩મી ડિસેમ્બર ને 'રાષ્ટ્રીય ખેડૂત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ખેતીપ્રધાન ભારત દેશના પાંચમા પ્રધાનમંત્રીશ્રી ચૌધરી ચરણસિંહ ખેડૂતો માટે મૈત્રીપૂર્ણ નીતિઓ લાવ્યા, અને ખેડૂતોના કલ્યાણ માટે કામ કર્યું હતુ. તેમણે ૨૮ જુલાઈ ૧૯૭૯ થી ૧૪ જાન્યુઆરી ૧૯૮૦ સુધી દેશના પાંચમા પ્રધાનમંત્રી તરીકે દેશને સેવા આપી હતી. શ્રી ચરણ સિંહે નાના અને સીમાંત ખેડૂતોના પ્રશ્નો ઉઠાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમની યાદમાં સમર્પિત એક સ્મારક રાજઘાટ પર બનાવવામાં આવ્યું છે, જેને આપણે 'કિસાન ઘાટ' તરીકે ઓળખીએ છીએ. ભારત સરકારે વર્ષ ૨૦૦૧થી તેમના સન્માનમા દર વર્ષે ૨૩ ડિસેમ્બરના દિવસે 'ખેડૂત દિવસ'ના રૂપમા ઉજવવાનો નિર્ણય લીધો હતો. કૃષિ ક્ષેત્રની નવીન શીખની સાથે સમાજના ખેડૂતોને સશક્ત બનાવવાનો વિચાર આપતા કિસાન દિવસ જેવા સમારોહ, લોકોને ખેડૂતોની સામે આવનારા વિભિન્ન મુદ્દાઓ વિશે શિક્ષિત કરવાનુ કામ કરે છે. દેશના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી લાલ બહાદુર શાસ્ત્રીજીએ ખેડૂતોને ''જય જવાન, જય કિસાન''નો નારો આપ્યો હતો. સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ખેડૂતોના હિત માટે ઘણી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ત્યારે પ્રાકૃતિક કૃષિને વરેલા ગુજરાતના છેક છેવાડે આવેલા ડાંગ જિલ્લાની કૃષિ, કૃષક, અને કૃષિ વિષયક જાણકારી મેળવવી પ્રાસંગિક લેખાશે. ડાંગ જિલ્લામાં ખેડૂત ખાતેદારોની વાત કરીએ તો અહીં ૧૭૨૧ સીમાંત ખેડૂત, ૫૨૪૯ નાના ખેડૂત, ૫૬૦૩ મોટા ખેડૂત મળી કુલ ૧૨ હજાર ૫૭૩ ખેડૂત ખાતેદારો નોંધાયા છે. જેમને ખેડૂત કલ્યાણકારી અનેકવિધ યોજનાઓનો લાભ પૂરો પાડી, તેમની આવક વધારવાના સ્તુત્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ધરમપુર એસ ટી ડેપો અને વનરાજ કોલેજ દ્વારા "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા" અભિયાન હાથ ધરાયું

। નવસારી, તા.૨૩ ।

વલસાડ એસ.ટી. વિભાગીય કચેરી અને વિભાગીય વર્કશોપના વડા વિભાગીય નિયામકશ્રી એન.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ અને મધ્યસ્થ કચેરી, અમદાવાદની સુચના મુજબ ડિસેમ્બર - ૨૦૨૩ના ચાર જુદા-જુદા અઠવાડીયા પ્રમાણે ''શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા''ના સંકલ્પ હેઠળ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ધરમપુર એસ.ટી. ડેપો ખાતે મુસાફર જનતામાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા માટે ધરમપુરની વનરાજ આર્ટ્સ & કોમર્સ કોલેજના સહયોગથી સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓ સાથે ડેપો મેનેજર ભુમિકાબેન પટેલ તેમજ વિભાગીય કચેરીના પરીવહન અધિકારી સ્નેહલભાઈ પટેલે ઉપસ્થિત રહી બસ સ્ટેશન ઉપર અને વર્કશોપ પ્રિમાઈસીસમાં સફાઈ કરી હતી. જે સફાઈ અભિયાનમાં વનરાજ કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ વતી એન.એસ.એસ.પ્રોગામ ઓફીસર તરીકે ડો. શૈલેષભાઈ રાઠોડ અને પ્રોફેસર નીલાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહી શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. આજે તમે તમારા પ્રયપાત્રના હૃદયના ધહકારા સાથે સાથે મિલાવશો. હા, તમે પ્રેમમાં છો તેની જ આ નિશાની છે. વ્યસ્ત દિનચર્યા છતાં પણ તમે પોતાના માટે સમય કાઢવા માં સક્ષમ હશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? અન્યોને અપમાનિત ન કરવાનો પ્રયાસ કરજો તથા પરિવારની જરૂરિયાતોને અનુરૂપ થજો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી-હૃદય પણ થડકો ચૂકી ગયું છે કેમ કે તમે કોઈકનો સાથ મિસ કરી રહ્યા છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

### વિશ્વમાં લાખો લોકોનો ભોગ લેનારી મહામારીએ ચિંતા વધારી

# દેશમાં ચોવિસ કલાકમાં ૭૦૦થી વધુ કોરોનાના નવા કેસ, ૪નાં મોત

## કેરળમાં ૨૬૬, કર્ણાટકમાં ૭૦, મહારાષ્ટ્રમાં ૧૫, તમિલનાડુમાં ૧૩ અને ગુજરાતમાં ૧૨ સહિત ૧૭ રાજ્યોમાં કોવિડ-૧૯ના સક્રિય કેસ નોંધાયા

। નવી દિલ્હી, તા.૨૩ ।

વિશ્વભરમાં લાખો લોકોનો ભોગ લેનાર કોરોના મહામારીએ ફરી એકવાર ચિંતા વધારી છે. દેશમાં દર એક કલાકે ઓછામાં ઓછા ૨૯થી ૨૭ લોકો સંક્રમિત થઈ રહ્યા છે જેના પગલે ડરનો માહોલ સર્જાયો છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૭૦૦થી પણ વધુ કેસો નોંધાયા છે જેમાં કેરળમાં સૌથી વધુ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરાયેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૫૨ નવા કેસ સામે આવ્યા છે અને ૪ લોકોના મોત થયા છે. આ સાથે જ સક્રિય કેસની સંખ્યા ૩,૪૨૦ પર પહોંચી ગઈ છે. ડેટા અનુસાર કેરળમાં ૨૬૬, કર્ણાટકમાં ૭૦, મહારાષ્ટ્રમાં ૧૫, તમિલનાડુમાં ૧૩ અને ગુજરાતમાં ૧૨ સહિત ૧૭ રાજ્યોમાં કોવિડ-૧૯ના સક્રિય કેસ નોંધાયા છે. કોરોના કેસોમાં વધારો થતા સરકારે કહ્યું હતું કે ચિંતાનું કારણ નથી અને લોકોએ ગભરાવાની જરૂર નથી, જો કે કેન્દ્ર સરકારે ગંભીર બીમારીઓથી પીડિત લોકોને માસ્ક પહેરવાની સલાહ આપી છે તેમજ સતર્ક રહેવા કહ્યું છે.

કોરોનાની સૌથી વધુ ચિંતા નવા વેરિયન્ટ જેએન.૧થી વધી રહી છે. એવુ માનવામાં આવી રહ્યું છે કે કોરોના કેસોમાં ઉછાળ એ જેએન.૧ વાયરસના કારણે છે, જે કોવિડ ઓમિક્રોન સંસ્કરણનો વંશ છે. કેરળમાં કોરોનાના સબ વેરિયન્ટથી સંક્રમિત એક દર્દી મળી આવ્યો છે, જો કે દેશના અન્ય હિસ્સામાં હજુ સુધી આ વાયરસની સંક્રમણની પુષ્ટિ થઈ નથી. હાલમાં લગભગ ૪૧ દેશોમાં સબ-વેરિયન્ટનું સંક્રમણ જોવા મળ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)એ માહિતી આપી છે કે છેલ્લા એક મહિનામાં વિશ્વભરમાં કોરોના વાયરસના કેસોમાં ૫૨ ટકાનો વધારો થયો છે.

નીતિ આયોગના આરોગ્ય સભ્યએ જણાવ્યું હતું કે, 'જેએન.૧ વેરિઅન્ટને કારણે કોવિડ કેસોમાં વધારો થયો છે પરંતુ તેના કારણે ગંભીર કેસોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી. આ એ જ વાયરસ છે જે અન્ય દેશોમાં પણ ફેલાઈ રહ્યો છે. ડબલ્યુએચઓ કહે છે, 'જેએન.૧ વેરિઅન્ટની સ્વાસ્થ્ય પરની અસરો જાણવા માટે વધુ અભ્યાસની જરૂર છે. જેએન.૧ સારી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને પણ અસર કરે છે. જે દેશોમાં ઠંડી હોય તેમણે પણ સાવચેતી રાખવી જોઈએ.' હાલમાં, જેએન.૧ વેરિયન્ટમાં કોવિડ-૧૯ના જ તમામ લક્ષણો જોવા મળે છે. સીડીસીના મત મુજબ, જેએન.૧ વેરિઅન્ટ અન્ય વેરિઅન્ટનું તુલનામાં નવા લક્ષણો સાથે ફેલાઈ પણ શકે છે અને નહી પણ. એવામાં હાલ કોરોનાના દર્દીમાં સામાન્યરીતે તાવ, નાકમાંથી પાણી આવવું, ગળામાં દુખાવો, માથાનો દુખાવો



થવા જેવા લક્ષણો દેખાઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક યોજીને કોરોના વાયરસ અંગે નવી ગાઈડલાઈન જાહેર કરી હતી. તેમણે કહ્યું કે ગભરાવાની જરૂર નથી. દેશમાં વૈજ્ઞાનિકો નવા વેરિયન્ટનું એનાલિસીસ કરી રહ્યા છે. તેમણે રાજ્યોને ટેસ્ટિંગ વધારવા અને મોનિટરિંગ સિસ્ટમને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. સ્વાસ્થ્ય મંત્રી માંડવિયાએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નવા વેરિયન્ટની ટ્રેકિંગની સુવિધા માટે તમામ કોરોના કેસના સેમ્પલ ઈન્સાકોગ લેબમાં મોકલવાની સલાહ આપી હતી. આ સાથે રાજ્યોને જાગૃકતા ફેલાવવા, મહામારી મેનેજમેન્ટ કરવા અને તથ્યાત્મક રીતે યોગ્ય અને સાચી જાણકારી જાહેર કરવાનો આગ્રહ કર્યો હતો.

### ભગવાને વિશ્વમાં અનેક પ્રકારના જીવો બનાવ્યા છે

# ઓક્ટોપસનું ગળું પકડનાર શખ્સ મુશ્કેલીમાં મુકાયો

## ઓક્ટોપસ માણસની ચામડી પર જોરથી ચોંટી ગયો હતો, માણસે જેટલો વધુ પ્રયત્ન કર્યો, ઓક્ટોપસે તેની પકડ વધુ મજબૂત કરી દીધી

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભગવાને વિશ્વમાં અનેક પ્રકારના જીવો બનાવ્યા છે. તે એક સત્ય છે કે તેમાં સૌથી સમજદાર માણસ નીકળ્યો. આ કારણે માણસ આજ સુધી બાકીની બીજી વસ્તુઓ પર રાજ કરી રહ્યો છે. પરંતુ ઘણી વખત વ્યક્તિ પોતાની માનવતા ભૂલી જાય છે. તે પોતાની શક્તિનો દુરુપયોગ કરે છે. જેના કારણે તેને પરિણામ ભોગવવા પડે છે. તેમાં મૂંગા પ્રાણીઓને ત્રાસ આપવાનો પણ સમાવેશ થાય છે. આવા ઘણા વીડિયો જોવા મળે છે, જેમાં માનવીઓ આ મૂંગા પ્રાણીને ટોર્ચર કરતા જોવા મળે છે. કેટલાક લોકો માત્ર આનંદ માટે તેમને મારી નાખે છે. હાલમાં જ એક વ્યક્તિનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. આ વ્યક્તિ થોડી લાઈક્સ માટે ઓક્ટોપસને હેરાન કરી રહ્યો હતો. પરંતુ પછી કંઈક થયું, જેના પછી હવેથી આ વ્યક્તિ કોઈપણ પ્રાણીને પરેશાન કરતા પહેલા સો વખત વિચારશે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલો આ વીડિયો દરિયા કિનારે રેકોર્ડ કરવામાં આવ્યો છે. જેમાં બોક્સર પહેરેલો એક વ્યક્તિ દરિયા કિનારે જોવા મળ્યો હતો. તેના હાથમાં ઓક્ટોપસ હતો. તે વ્યક્તિ આ ઓક્ટોપસનું માથું પ કડીને તેને હેરાન કરતો હતો અને તેનો આનંદ લેતો હતો, પણ પછી તેના ચહેરા પરથી સ્મિત ગાયબ થવા લાગ્યું. ઓક્ટોપસે ધીમે ધીમે માણસના હાથને જોરથી દબાવ્યું અને ફેવિકોલ લગાવ્યું હોય તેમ તેની સાથે ચોંટી ગયું. ઓક્ટોપસ માણસની ચામડી પર જોરથી ચોંટી ગયો હતો. માણસે જેટલો વધુ પ્રયત્ન કર્યો, ઓક્ટોપ સે તેની પકડ વધુ મજબૂત કરી દીધી. બહુ મુશ્કેલીથી માણસે ઓક્ટોપસને એક હાથે ખેંચીને અલગ કર્યો. પરંતુ એવું લાગતું હતું કે ઓક્ટોપસે માણસને પાઠ ભણાવવાનું નક્કી કર્યું હોય. તેણે તરત જ માણસનો બીજો હાથ પકડી લીધો. જો કે, અંતે વ્યક્તિએ ઓક્ટોપસનું માથું વળીને તેને નીચે ફેંકી દીધું.

### યુટિલિટી પેમેંટ, કેશ કલેકશનમાં, ઈન્શ્યોરન્સ પેમેંટમાં તેજી

# ગામડા અને નાના શહેરોમાં UPI પેમેન્ટમાં ૧૧૮ ટકાનો વધારો

## PayNearby એ આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર વચ્ચે લગભગ ૧૦ લાખ દુકાનો પર ટ્રાન્ઝેક્શન રેકોર્ડના આધારે સર્વે આધારિત સંશોધન કર્યું છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ગ્રામીણ અને નાના શહેરોમાં **UPI** ચુકવણીમાં ૧૧૮%નો વધારો થયો છે. જ્યારે યુટિલિટી ચુકવણી, રોકડ સંગ્રહ, ક્રેડિટ અને વીમા જેવી ચૂકવણીઓ ઝડપથી વધારો થયો છે. એક વર્ષમાં ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં રિટેલ સ્ટોર્સ પર યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ **(UPI)** દ્વારા થતા વ્યવહારોમાં ૧૧૮%નો વધારો થયો છે. જો આપણે તેની કિંમત એટલે કે ટ્રાન્ઝેક્શન કરેલી રકમની વાત કરીએ તો તેમાં પણ ૧૦૬%નો વધારો જોવા મળ્યો છે. મોબાઈલ પોઈન્ટ ઓફ સેલ પરના વ્યવહારો પણ ૫% વધ્યા છે. ફિનટેક ફર્મ **PayNearby** દ્વારા 'રિટેલ-ઓ-નોમિક્સ' નામના અભ્યાસમાં આ આંકડા આપવામાં આવ્યા છે. **PayNearby** એ આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર વચ્ચે લગભગ ૧૦ લાખ દુકાનો પર ટ્રાન્ઝેકશન રેકોર્ડના આધારે સર્વે આધારિત સંશોધન કર્યું છે. રિપોર્ટ અનુસાર, આ ટ્રાન્ઝેક્શન ડેટા માત્ર બેંકિંગ અને નાણાકીય વ્યવહારો પૂરતો મર્યાદિત નથી. આમાં અન્ય ડિજિટલ સેવાઓ જેવી કે યુટિલિટી પેમેન્ટ્સ, રોકડ સંગ્રહ, ક્રેડિટ, વીમો, આસિસ્ટેડ કોમર્સ અને અન્ય તમામ પ્રકારના વ્યવહારોનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિજિટલ પેમેન્ટને લઈને લોકોમાં જાગૃતિ વધી છે. આ રિપોર્ટ અનુસાર, **UPI** પ્લેટફોર્મ સ્વિફ્ટ મનીના સ્થાપક સક્ષમ ભગતે ઈન્ટરનેટ કોમર્સ સમિટમાં જણાવ્યું કે **UPI** આજના ડિજિટલ ઈન્ડિયા અને રિટેલ સેક્ટરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. તે માત્ર ગ્રાહકો માટે જ નહીં પરંતુ નાના અને મોટા વેપારીઓ માટે પણ તેમના વ્યવસાયને



પ્રોત્સાહન આપવા માટે છે, પછી તે ગ્રામીણ વિસ્તારો હોય કે મોટા શહેરો. આ શક્ય છે કારણ કે તે માત્ર વેપારી અને ગ્રાહકોને સગવડ પૂરી પાડે છે પરંતુ ગ્રાહકની જીવનશૈલીને સુધારવામાં પણ મદદ કરે છે. તેથી, લોકો **UPI** પેમેન્ટનો ઉપયોગ માત્ર એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પર જ નહીં, પરંતુ તેમની દિનચર્યામાં પણ કરી રહ્યા છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, આ વર્ષે ૧ થી ૧૮ ડિસેમ્બર સુધીમાં કુલ ૭૦૩૦.૫૧ મિલિયન (લગભગ ૭૦૩ કરોડ રૂપિયા) ના વ્યવહારો થયા છે. આ વ્યવહારો દ્વારા ટ્રાન્ઝેક્શન થયેલી રકમ લગભગ ૧૧ લાખ કરોડની છે.

### બિડેન સરકારે ભારતીયોને આપી મોટી ભેટ

# યુએસ સરકારે H-1B વિઝાના સ્થાનિક નવીકરણ માટે પાઇલટ પ્રોગ્રામ શરૂ કર્યો

## H-1B વિઝા એ નોન-ઇમિગ્રન્ટ વિઝા છે, તે અમેરિકન કંપનીઓને વિદેશી કામદારો રાખવાની મંજૂરી આપે છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

અમેરિકાની બિડેન સરકારે એક મોટો નિર્ણય લીધો છે, જેનો ભારતીયોને ઘણો ફાયદો થવાનો છે. યુએસ સરકારે **H-1B** વિઝાના સ્થાનિક નવીકરણ માટે પાઈલટ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ કાર્યક્રમ ૨૪ જાન્યુઆરીથી શરૂ થશે. આ **H-1B** વિઝા પાયલોટ પ્રોગ્રામ માત્ર ભારતીય અને કેનેડિયન નાગરિકો માટે છે. આ અંતર્ગત અમેરિકામાં કામ કરતા ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને કેનેડિયન નાગરિકોને ફાયદો થશે. આ પ્રોગ્રામ એવી કંપનીઓ માટે પણ છે જેમના **H-1B** કર્મચારીઓ કામ માટે વિદેશ જવા માગે છે. અમેરિકાએ આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના ઘણા મહિનાઓ બાદ લીધો છે. જૂનમાં, જ્યારે પીએમ મોદી અમેરિકાના રાજ્ય પ્રવાસ પર ગયા હતા, ત્યારે **H-1B** વિઝાની નવીકરણ પ્રક્રિયાને સરળ બનાવવા માટે કામ ચાલી રહ્યું હતું. આ કાર્યક્રમની ઔપચારિક જાહેરાત પીએમ મોદીની મુલાકાત સમયે કરવામાં આવી હતી. **H-1B** વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. તે અમેરિકન કંપનીઓને વિદેશી કામદારો રાખવાની મંજૂરી આપે છે. જ્યારે પણ કોઈ વ્યક્તિ અમેરિકન કંપનીમાં કામ કરે છે ત્યારે તેને **H-1B** વિઝા આપવામાં આવે છે. અત્યાર સુધી એવું થતું હતુ કે જો કોઈ વ્યક્તિના **H-1B** વિઝાની સમયસીમા સમાપ્ત થઈ ગઈ હોય, તો તેને રિન્યુ કરાવવા માટે ફરીથી તેના દેશમાં પાછા ફરવું પડતું હતું. પરંતુ હવે તમારે નવીકરણ પ્રક્રિયા માટે ઘરે આવવું પડશે નહીં. હવે તમે અમેરિકામાં રહીને તમારો વિઝા મેઈલ કરી શકો છો અને પછી તે રિન્યુ કરવામાં આવશે. નવીકરણ પ્રક્રિયા દરમિયાન વ્યક્તિએ યુએસની બહાર રહેવાની જરૂર રહેશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે વિઝા રિન્યુઅલની આ પ્રક્રિયા માત્ર વર્ક વિઝા માટે છે. અન્ય પ્રકારના વિઝા માટેની પ્રક્રિયામાં કોઈ ફેરફાર નથી.

### માહિતી આપનારને $10,000નું ઈનામ આપાશે

# ૨૯ વર્ષની માયુષીનો અમેરિકામાં કોઈ પત્તો નથી

। ન્યુજર્સી, તા.૨૩ ।

ગુજરાત અન દેશમાંથી હજારો યુવાનો વિદેશમાં ભણવા જતા હોય છે, જેમાં એક ચોંકવનારી ઘટના સામે આવી છે. આ વખતે બનેલી ઘટનામાં અમેરિકામાં ભણવા માટે ગયેલી મયુષી ભગત નામની યુવતી ગુમ થયાની ઘટના બની છે, તેને શોધી આપનારને ૧૦,૦૦૦ ડૉલરનું ઈનામ આપ વાની જાહેરાત કરવામાં આવી છે. આ યુવતી સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકા ગઈ હતી ને તે પછી તે ૨૯ એપ્રિલ ૨૦૧૯ની સાંજે ન્યુજર્સી શહેરમાંથી ગુમ થઈ ગઈ હતી. મયુશીના પરિવારે તેના ગુમ થયાની માહિતી આપી હતી. હવે અમેરિકાની સૌથી મહત્વની ગણાતી **FBI** એજન્સી દ્વારા તેની શોધખોળ શરુ કરવામાં આવી છે. અમેરિકન ગુપ્તચર એજન્સી એફબીઆઈએ જુલાઈ ૧૯૯૪માં જન્મેલી ૨૯ વર્ષની ભારતીય વિદ્યાર્થી માયુષી ભગતને શોધવાના પ્રયાસો તેજ કર્યા છે. તે ૨૯ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ તેના ન્યુજર્સી એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યા પછી ગુમ થઈ ગઈ હતી. જેની ૧ મે, ૨૦૧૯ ના રોજ ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. હવે અમેરિકન ગુપ્તચર એજન્સીએ માયુષી ભગત વિશે માહિતી આપ નારને ૧૦,૦૦૦ ડૉલર એટલે કે લગભગ ૮.૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. હવે એફબીઆઈ નેવાર્ક ફીલ્ડ ઓફિસ તેમજ જર્સી સિટી પોલીસ વિભાગે લોકોને મદદ માટે અપીલ કરી છે. એફબીઆઈનું કહેવું છે કે માયુષી ભગત છેલ્લે રંગીન પાયજામા પેન્ટ અને કાળી ટી-શર્ટ પહેરેલી જોવા મળી હતી. ભગતના પરિવારે ૧ મે, ૨૦૧૯ના રોજ તેમના ગુમ થયાની જાણ કરી હતી. તે ન્યૂયોર્ક સિટીમાં ન્યૂયોર્ક ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં અભ્યાસ કરતી હતી અને હ્વ૧ સ્ટુડન્ટ વિઝા પર યુનાઈટેડ સ્ટેટ્સમાં હતી. ૨૯ વર્ષની માયુષી, અન્ય હજારો ભારતીય વિદ્યાર્થીઓની જેમ, તેની કારકિર્દી બનાવવા માટે અમેરિકા આવી હતી.

### ગુજરાતીઓમાં કેનેડા જવાનો ક્રેઝ જાણીતો છે

# કેનેડા જવાની લાલચમાં લાખો રૂપિયાની છેતરપીંડી

## નવરંગપુરા પોલીસે વિની ઇમીગ્રેશન કંપનીના મહિલા કર્મચારી સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતીઓમાં કેનેડા જવાનો ક્રેઝ જાણીતો છે. જેનો લાભ ઘણીવાર લેભાગુ એજન્ટ્સ અપનાવતા હોય છે. કેનેડામાં પીઆર અને લાઈસન્સના સપના બતાવી મહિલાએ રૂ ૫૮ લાખની ઠગાઈ આચરી હતી. નવરગપુરમાં આવેલી વિની ઈમીગ્રેશન એન્ડ એજયુકેશન પ્રાઈવેટ લિમિટેડની ઓફીસની કર્મચારીએ ૫ લોકોને વિદેશમાં કન્સલન્ટસી કંપની બનાવવાની અલગ અલગ દેશોના લાઈસન્સ આપવાના બહાને રૂપિયા પડાવ્યા હતા. નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના નવરંગપુરા લા ગાર્ડન પાસે આવેલી એક ઈમીગ્રેશન કંપનીના સંચાલકે મણિનગરમાં રહેતા યુવક અને તેની પત્નીને કેનેડાના પીઆર અપાવવાનું કહીને લાખો રૂપિયા પડાવી લીધા બાદ રજીસ્ટ્ર્ડ ઈમીગ્રેશન કંપની શરૂ કરવામાં



મદદ કરવાના બહાને પણ નાણાં લઈને કુલ ૫૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે અંગે નવરંગપુરા પોલીસે વિની ઈમીગ્રેશન કંપનીના મહિલા કર્મચારી સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે. કૈલાશ પાર્ક સોસાયટીમાં રહેતા મહેશભાઈ પટેલ રખીયાલમાં લોંખડના લે વેચનો વ્યવસાય કરે છે. તેમની દીકરી કેનેડા ખાતે રહે છે. જ્યારે તેમનો પુત્ર સર્જન વકીલાતનો વ્યવસાય કરે છે. જો કે તેને પત્ની સાથે કેનેડા જવાની યોજના હોવાથી તે ગત નવેમ્બર ૨૦૨૨માં તે લૉ ગાર્ડન પાસે આવેલી વિની ઈમીગ્રેશનની ઓફિસમાં સંપર્ક કર્યો ત્યારે ત્યાં કામ કરતા મહિલા કર્મચારી હેતલ ત્રિવેદી (રહે.પાર્થ સારથી ટાવર, થલતેજ)નો સંપર્ક કર્યો હતો. જેમાં સાડા પાંચ લાખમાં બનેને કેનેડામાં પીઆર વિઝાની ખાતરી આપી હતી. જો કે વિવિધ પ્રોસેસ ફીના નામે હેતલ ત્રિવેદીએ સાડા લાખ રૂપિયાની રકમ લઈને લીધા બાદ પણ કેનેડા મોકલવાની કામગીરી કરી નહોતી. આ દરમિયાન મહેશભાઈને જ પોતાની રજીસ્ટ્ર્ડ ઈમીગ્રેશન કંપની શરૂ કરવાનો વિચાર આવ્યો હતો. જે અંગે તેમના દીકરા પુત્રને વાત કરી હતી. જેથી પુત્રએ તેમને ઈમીગ્રેશન કંપની શરૂ કરવાની ખાતરી હતી. જે માટે મહિલાએ બિઝનેસ પ્રોજેક્ટ, અમેરિકા, કેનેડા, ઈંગ્લેડ અને દુબઈ જેવા દેશોના ઈમીગ્રેશન લાયસન્સ સહિતની કામગીરીના નામે ૩૨ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી.

### વિદેશ મંત્રાલયે કહ્યું- જલ્દી પરત આવશે

# કતારમાં મૃત્યુદંડની સજા પામેલા ૮ ભારતીયોની થશે વતન વાપસી

## કતારના શાસકે ૧૮ ડિસેમ્બરે દેશના રાષ્ટ્રીય દિવસના અવસર પર ભારતીય નાગરિકો સહિત ઘણા કેદીઓને માફ કર્યા

। નવી દિલ્હી, તા.૨૩ ।

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ગુરુવારે (૨૨ ડિસેમ્બર) જણાવ્યું હતું કે કતારની અદાલતે આઠ ભૂતપૂર્વ ભારતીય નૌકાદળના કર્મચારીઓ દ્વારા દાખલ કરાયેલી અપીલ પર ત્રણ વખત સુનાવણી કરી છે. ભૂતપૂર્વ કર્મચારીઓ વતી તેમને આપ વામાં આવેલી ફાંસીની સજા સામે કતાર કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. બાગચીએ કહ્યું કે ભારત તેમને સુરક્ષિત રીતે પરત લાવવા માટે કામ કરી રહ્યું છે. જાસૂસીના કેસમાં આઠ ભૂતપૂર્વ કર્મચારીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. અરિંદમ બાગચીએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું કે કતારના શાસકે ૧૮ ડિસેમ્બરે દેશના રાષ્ટ્રીય દિવસના અવસર પર ભારતીય નાગરિકો સહિત ઘણા કેદીઓને માફ કર્યા. પરંતુ ભારતીય પક્ષને હજુ સુધી માફ કરવામાં આવેલા લોકોની ઓળખ નથી. આ જ કારણ છે કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે કતારમાં મૃત્યુદંડની સજા ભોગવી રહેલા ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ જવાનો પણ માફી મેળવનારાઓમાં સામેલ છે કે કેમ. અહેવાલ મુજબ, ભારતીય નાગરિકો સાથે જોડાયેલા એક પ્રશ્નનો જવાબ આપતાં અરિંદમ બાગચીએ કહ્યું, 'આ મામલો હવે કતારની અપીલ કોર્ટમાં છે અને અહીં ૨૩ નવેમ્બર, ૩૦ નવેમ્બર અને ૭ ડિસેમ્બરે ત્રણ વખત સુનાવણી થઈ હતી. દરમિયાન, દોહામાં હાજર અમારા રાજદૂતને ૩ ડિસેમ્બરે આ તમામ લોકોને મળવા માટે કોન્સ્યુલર એક્સેસ મળ્યો. આ સિવાય મારી પાસે અત્યારે શેર કરવા માટે કંઈ નથી. બાગચીએ કહ્યું કે કતારના શાસક દ્વારા ૧૮ ડિસેમ્બરના રોજ માફ કરવામાં આવેલા લોકો વિશે ભારતીય પક્ષ પાસે કોઈ માહિતી નથી.

## ન્યૂઝ બ્રિફ

### ખંભાળિયા અને કલ્યાણપુર પંથકમાં વાતાવરણમાં પલટો

। દેવભૂમિ, તા.૨૩ ।

રાજ્યભરમાં કડકતી ઠંડીનો ચમકારો જોવા મળે છે. તો ભરશિયાળે દ્વારકા જિલ્લામાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. દ્વારકા જિલ્લાના ૨ તાલુકામાં માવઠું થયુ હોવાનું સામે આવ્યું છે. તો દ્વારકાના ખંભાળિયા, કલ્યાણપુરમાં વરસાદી ઝાપટા પડ્યા છે.

રાજ્યભરમાં કડકતી ઠંડીનો ચમકારો જોવા મળે છે. તો ભરશિયાળે દ્વારકા જિલ્લામાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. દ્વારકા જિલ્લાના ૨ તાલુકામાં માવઠું થયુ હોવાનું સામે આવ્યું છે. તો દ્વારકાના ખંભાળિયા, કલ્યાણપુરમાં વરસાદી ઝાપટા પડ્યા છે. તો ઘઉં, ચણા, જીરું સહિતના પાકોને નુકસાન થવાની ભીતિ થવાની સંભાવના છે.

શિયાળામાં કમોસમી વરસાદ પડતા ધરતીપુત્રોમાં સતત ચિંતાનો માહોલ જોવા મળે છે. તો હવામાન વિભાગે ફરી એક વાર માવઠાની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાકમાં કમોસમી વરસાદ વીજળીના કડાકા સાથે વરસે તેવી સંભાવના છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### ઉમરા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

# યુવતીને બદનામ કરવાની ધમકી આપનારા રાજસ્થાનના નેતાની પુત્રની ધરપકડ કરાઈ

### સુરત મહાનગર પાલિકા દ્વારા જરૂરી સર્વે હાથ ધર્યા બાદ ભાઠેના ખાતે ફ્લાય ઓવર બ્રિજની કામગીરી હાથ ધરવામાં આવી હતી

। સુરત, તા.૨૩ ।

સુરતની યુવતીને બદનામ કરવાની ધમકી આપનાર રાજસ્થાનના નેતાના પુત્રની ધરપકડ કરવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક તોડી નાંખતા આરોપી યુવકે સુરત આવી યુવતી સાથે અપડલા પણ કર્યા હતા. ઉપરાંત યુવતીનો ફોન અને ૧૫૦૦ રૂપિયા લઈને પણ ફરાર થઈ ગયો હતો. જેથી યુવતીએ તેના બહેનપણીના ફોન ઉપરથી યુવકને ફોન કર્યો હતો. યુવકે યુવતીનો ફોટો સોશિયલ મીડિયા ઉપર મૂકી દેવાની ધમકી આપી હતી. જેને લઈ યુવતીએ ઉમરા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઉમરા પોલીસે તપાસ કરતા આરોપી તરૂણ સતિષચંદ્ર નાયક રાજસ્થાનના નેતાનો પુત્ર નીકળ્યો હતો. ઉમરા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના સરથાણામાં યુવતીનાં લગ્નના બે દિવસ પૂર્વે તેના જ નામે ઈન્સ્ટાગ્રામ પર ફેક એકાઉન્ટ બનાવી વીડિયો વાઈરલ કરવામાં આવ્યા હતા. મોર્ફ કરી બનાવવામાં આવેલા અશ્લીલ વીડિયોમાં યુવતીના જેની સાથે લગ્ન થવાના હતા, તે યુવકનો મોબાઈલ નંબર અને ઘરનું સરનામું પણ લખી દેવાતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. યુવતીના પૂર્વ મિત્રએ જ આ કૃત્ય કર્યાની શંકા પોલીસ સેવાઈ રહી છે. સુરતના સિંગણપોર વિસ્તારમાં રહેતા મૂળ સૌરાષ્ટ્રના પરિવારની ધો.૧૧ માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય તરુણીને તેના ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે વિડીયો કોલમાં નગ્ન થવા કહી સ્ક્રીનશોટ પાડી વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર વિડીયો કોલમાં શરીરના અંગો બતાવવા દબાણ કરતા આખરે તરુણીએ માતાને જાણ કરી હતી.માતાએ અંગે પતિને જાણ કરતા તેમણે ભાવનગરના તરેડ ગામના યુવાન વિરુદ્ધ સિંગણપોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### સ્વયંભૂ પ્રગટ થયા હતા પવનપુત્ર

# ચોખાના દાણા જેટલી વધી રહી છે હનુમાનજીની મૂર્તિ

। રાજકોટ, તા.૨૩ ।

આખી દુનિયામાં ચારે તરફ હનુમાન દાદાનું સાંનિધ્ય આવેલુ છે. હનુમાન દાદા કોઈને કોઈ સ્વરૂપે આપણી વચ્ચે હાજરાહજુર હોય જ છે. ત્યારે આજે અમે રાજકોટના એક એવા મંદિર વિશે જણાવીશું કે જ્યાં હનુમાન દાદા સ્વયંભૂ પ્રગટ થયા હતાં. આ મંદિર સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. આ ઘટના વિશે ખૂબ ઓછા લોકો જાણતા હશે.ત્યારે આજે ૪૦૦ વર્ષ જુના સ્વયંભૂ પાટવાળ હનુમાનજીના મંદિરના ઈતિહાસ વિશે જણાવીશું. આ મંદિરમાં એવા ચમત્કારો થાય છે કે ભાગ્યે જ કોઈએ સાંભળ્યા હશે. રાજકોટ જિલ્લામાં જામનગર રોડ પર પડધરી તાલુકાના દહિંસરડા ગામથી બે કિલોમીટર દૂર ખાખરાબેલા ગામ જવાના રસ્તે આજી નદીના કાંઠે આશરે ૪૦૦ વર્ષ જૂનું પવન પુત્ર મહાબલિ સ્વયંભૂ શ્રી પાટવાળા હનુમાનજી દાદા બિરાજમાન છે. તદ્દન નદીના કાંઠે નીજ મંદિરમાં દક્ષિણાભિમુખ હનુમાનજી જમીનની અંદર પાંચ ફૂટ નીચે બિરાજેલા છે. આ બાલાજીની ચમત્કારિક મૂર્તિ એકદમ આકર્ષક સ્વરૂપમાં દેખાય છે. તેના દર્શન માત્રથી દરેક ભાવિકોને રૂબરૂ બાલાજી સાથે મુલાકાત કરી હોય



તેવો મનમાં અહેસાસ થાય છે. મહંત કનુપ્રસાદ મહારાજે જણાવ્યું હતું કે, આશરે પાંચ એકર વિશાળ જગ્યા વિવિધ ઉંચા ઉંચા ઘટાટોપ લીલાછમ ઝાડથી આ જગ્યા પથરાયેલી છે. આખો વિસ્તાર નયનરમ્ય અને કુદરતી સૌંદર્યથી ભરપુર છે. પરિસરમાં બાલાજી મંદિર ઉપરાંત યજ્ઞ-હવન માટેની જગ્યા, રસોઈ ઘર અને ભાવિકો માટે બેસીને ભોજન પ્રસાદ લેવાની અલાયદી સુંદર વ્યવસ્થા છે. જગ્યામાં ભાવિકોને દિવસ દરમિયાન વિશ્રામ માટે રૂમની વ્યવસ્થા પણ છે. મંદિરમાં બિરાજમાન બાલાજી જયારે પ્રગટ થયા ત્યારે મૂર્તિ નાની હતી અને સ્વયંભૂ રીતે પથ્થરની પાટથી રચાયેલી છે.

## આયુષ્માન ભારત યોજના અંગે કોલવાણના બાળકોએ નુક્કડ નાટક યોજ્યું

। કોલવાણ, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ગરીબ અને મધ્યમ પરિવારોના ઉત્થાન માટે ઘણી યોજનાઓ જાહેર કરી છે. સરકારની "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" હેઠળ આજે એક પણ કુટુંબ આયુષ્માન કાર્ડ યોજનાથી વંચિત નથી. જો કોઈ કુટુંબ કે વ્યક્તિ લાભથી વંચિત રહી ગયું હોય તો પણ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" થકી વંચિતોને યોજનાનો લાભ આપવા રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે.

### શ્વાસની બીમારીનો દર્દી પોતાની જ ભૂલથી દાઝી ગયો

# જીજી હોસ્પિટલમાં આગ લાગવાનું ચોંકાવનારુ કારણ સામે આવ્યું

### મળતી માહિતી અનુસાર ઓક્સિજન પર રહેલા દર્દીએ બીડી સળગાવી હોવાથી આગ લાગી હોવાનું સામે આવ્યું હતું

। જામનગર, તા.૨૩ ।

જામનગરમાં ગઈકાલે જીજી હોસ્પિટલમાં આગ લાગવાનું ચોકાવનારુ કારણ સામે આવ્યુ છે. મળતી માહિતી અનુસાર ઓક્સિજન પર રહેલા દર્દીએ બીડી સળગાવી હોવાથી આગ લાગી હોવાનું સામે આવ્યુ હતુ.

જામનગરમાં ગઈકાલે જીજી હોસ્પિટલમાં આગ લાગવા પાછળ ચોકાવનારુ કારણ સામે આવ્યુ છે. મળતી માહિતી અનુસાર ઓક્સિજન પર રહેલા દર્દીએ બીડી સળગાવી હોવાથી આગ લાગી હોવાનું સામે આવ્યુ હતુ. તો શ્વાસની બીમારીનો દર્દી પોતાની જ ભૂલથી દાઝી ગયો હોવાનું સામે આવ્યુ છે. જામનગરની જીજી હોસ્પિટલમાં ગઈકાલે આગ લાગવાની ઘટના બની હતી. જેમાં ૧૫ જેટલા દર્દીઓને હોસ્પિટલના અન્ય રૂમમાં ખસેડાયા હતા.

તો બીજી તરફ આ અગાઉ ધોરાજીમાં જૂનાગઢ રોડ પર આવેલા પ્લાસ્ટીકના કારખાનામાં વિકરાળ




આગથી અફરાતફરી મચી હતી.

સ્વસ્તિક વેસ્ટર્ન એન્ડ પ્રોસેસ પ્લાસ્ટીકના કારખાના આગથી મશીનરી અને પ્લાસ્ટિકનો જથ્થો બળીને રાખ થયો હતો. તો ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવ્યો હતો.૩ કલાકની મહેનત બાદ આખરે આગ કાબૂમાં આવી હતી

### જન્મજાત નેતા હોય છે

# જાન્યુઆરીમાં જન્મેલા લોકો

। અમદાવાદ, તા.૨૩ ।

જ્યોતિષ શાસ્ત્રમાં ૧૨ રાશિઓ હોય છે. દરેક રાશિના જાતકોનો સ્વભાવ અને ગુણ અલગ હોય છે. એ જ રીતે વર્ષના અલગ અલગ મહિનામાં જન્મેલા વ્યક્તિનો સ્વભાવ અલગ હોય છે. એમના વ્યક્તિત્વમાં ગુણ અવગુણ હોય છે. જ્યોતિષ શાસ્ત્રમાં કોઈ પણ વ્યક્તિના જન્મ માસના આધારે તેમના સ્વભાવ અને ભાગ્ય અને ખબર પડે છે. એ જ રીતે જાન્યુઆરીમાં જન્મેલા લોકો ખુશમિજાજના હોય છે. એમને ખુશીઓ વહેંચવું પસંદ હોય છે. અહીં સુધી કે કઠોરમાં કઠોર કામ સરળતાથી કરી લે છે. જાન્યુઆરી માસમાં જન્મેલા લોકોનું વ્યક્તિત્વ એટલું આકર્ષક હોય છે કે એમની ઉમરનો અંદાજ લગાવવો મુશ્કેલ હોય છે. જાન્યુઆરી મહિનામાં જન્મેલા લોકો પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ કોઈપણ પર પ્રભાવ છોડવામાં સફળ થાય છે. જન્મજાત નેતાઓ છે અને નેતૃત્વ કરવા માટે તૈયાર રહે છે. તેમની કારકિર્દીની વાત કરીએ તો તેમનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.









### ખુદને હિન્દુ પંડિત ગણાવીને યુવકે હિન્દુ સગીરાને ફસાવી

। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદમાંથી એક ચોંકાવારો દુષ્કર્મનો કિસ્સો સામે આવ્યો છે. એક યુવકે ખુદ હિન્દુ પંડિત હોવાની ઓળખ આપીને હિન્દુ સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ છે, આ યુવકે અઢી મહિના પહેલા હિન્દુ સગીરા સાથે ખુદ હિન્દુ પંડિત હોવાનુ કહીને કોર્ટ મેરેજ પણ કરી લીધા હતા, જોકે, બાદમાં હિન્દુ સગીરાએ આધાર કાર્ડ જોતા આ સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો.












માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨